|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## || સત્યને જાણવા મટવું પડે ||

ગુરુ બોકુજૂ પાસે એક શિષ્ય આવ્યો. ગુરુએ તેને પૂછ્યું, 'તું સત્યના સંબંધમાં જાણવા માગે છે કે સત્ય જાણવા ચાહે છે ?' કેમકે, બેઉ ખોજ અલગ-અલગ છે. શિષ્યે કહ્યું; 'સત્ય જ વળી !' રસ્તો ગમે તેટલો લાંબો કેમ ન હોય, જનમો કેમ ન લાગે. હું તૈયાર છું. ત્યારે ગુરુએ કહ્યું; 'આ આશ્રમમાં ૫૦૦ ભિક્ષુઓનું ભોજન બને છે. તું ચોખા કૂટવાનું કામ સંભાળી લે. અને જો અહીં ફરી ન આવતો. જ્યારે જરૂર પડશે ત્યારે હું આવી જઈશ.'

બાર વર્ષ વીતી ગયાં. ન શિષ્ય ગુરુ પાસે ગયો ન ગુરુ તેની પાસે આવ્યા. શિષ્ય તો સવારે ઊઠે ને ચોખા કૂટવામાં લાગી જાય. સાંજ પડ્યે થાકી સૂઈ જાય. સવારે ફરી ચોખા કૂટે ! આશ્રમમાં કોઈ પૂછતું પણ નહોતું. કોઈ બોલતું જ નહિ તેથી ધીરે ધીરે એ મૌન થઈ ગયો. થોડા દિવસ પુરાણા વિચારો ચાલતા રહ્યા. પછી તો એક જ કામ ! સવારથી ચોખા કૂટવાના, રાતે સૂઈ જવાનું. મન એમાં એટલું તો સંલગ્ન થઈ ગયું કે ચોખા કૂટવાનું કાર્ય જ ધ્યાન થઈ ગયું. એ જ પ્રાર્થના, એ જ પૂજા, એ જ યોગ !

લોકો મશ્કરી કરવા માંડ્યા. ચોખા કૂટતાં-કૂટતાં તું તો સિદ્ધ થઈ ગયો ! અમે વ્યર્થ આસનોમાં રાતદિવસ રત રહીએ છીએ. એણે કહ્યું; 'દિવાલ પર જઈને એક સૂત્ર લખી દો : મન કોઈ દર્પણ નથી કે જેના પર ધૂળ જામી જાય. અને જ્યારે ધૂળ જામી જ નથી તો સાફ શું ખાક કરશો ? આ જાણી લીધું એણે બધું જાણી લીધું.' ગુરુએ એ સૂત્ર વાંચતાં જ કહ્યું; આ શબ્દો તો એ ચોખા કૂટનારના ! એના સિવાય કોઈ બીજું આ વચન બોલી જ ના શકે. તેઓ સીધા શિષ્ય ચોખા કૂટતો હતો ત્યાં ગયા; કહ્યું, 'વખત આવી ગયો. તેં સત્ય મેળવી લીધું છે. જેને સત્યને જાણવું છે એને મટવું પડશે. પછી એ ચોખા કૂટવામાં મટે કે ૐ કારના ધ્વનિમાં મટે.'

**—એક ઝેનકથા**

|| ૐ યોગેશ્વરાય નમઃ ||   || ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ||

# || પાવન ગુરુપૂર્ણિમાપર્વ ||

**તા.૧૩ જુલાઈ, ૨૦૨૨**

|| આ અંકની વિશેષતા 'સ્વર્ગારોહણ'માં સુંદરકાંડ-પારાયણ ||

"'ગુરુપૂર્ણિમા' એટલે આધ્યાત્મિક વિકાસનું સરવૈયું કાઢવાનો પવિત્ર દિવસ. જ્ઞાનસૂર્ય સદ્‌ગુરુનો ભવ્ય આદર્શ સામે રાખી, આધ્યાત્મિક આકાશમાં ઊંચે ને ઊંચે ઊડવાની પ્રતિજ્ઞા કરવાનું પુણ્યપર્વ."

**—શ્રી રંગ અવધૂતજી**



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. 'સુંદરકાંડ'-પારાયણ એટલે ચિત્તપ્રક્ષાલનપર્વ | " | ૧૦ |
| ૩. રામાયણનો ઉદ્‌ભવ | સંકલન | ૧૧ |
| ૪. 'સુંદરકાંડ'ની લાક્ષણિકતાઓ | " | ૧૩ |
| ૫. 'સુંદરકાંડ'નું સળંગ કથાનક | " | ૧૫ |
| ૬. 'નામ'નો મહિમા | શ્રી યોગેશ્વરજી | ૩૧ |
| ૭. 'રામનામ'નો મહિમા | " | ૩૪ |
| ૮. રામકથા : વક્તા તથા શ્રોતાનો સુભગ સંયોગ | " | ૩૭ |
| ૯. રામ એટલે દૈવી અને રાવણ એટલે આસુરી સંપત્તિ | " | ૪૦ |
| ૧૦. રામનવમીનો મહિમા | " | ૪૨ |
| ૧૧. 'સ્વર્ગારોહણ'માં ચૈત્રી નવરાત્રિ પર્વ | શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી | ૪૪ |
| ૧૨. સાચા સાધુની પરખ | સંકલન | ૫૨ |
| ૧૩. સ્વામી રામની ગુરુવિભાવના | શ્રી કાર્તિકેય ભટ્ટ | ૫૬ |
| ૧૪. ગુરુકૃપા | શ્રી યોગેશ્વરજી | ૫૮ |
| ૧૫. ગુરુની આવશ્યકતા ખરી કે નહિ ? | " | ૫૯ |
| ૧૬. ગુરુ-શિષ્યા | સં. શ્રી કનૈયાલાલ ઝિંઝુવાડિયા | ૬૨ |
| ૧૭. 'જીવનમંચે આપ પધાર્યા' પદ | શ્રી 'મા' સર્વેશ્વરી | ૬૩ |

## નિવેદન : 'ગુરુપૂર્ણિમા'નો આગોતરો કૃપાપ્રસાદ

આપણા પરમ ગુરુદેવ પ્રભુના શતાબ્દી વર્ષના પર્વ નિમિત્તે 'યોગતીર્થ'નું અદ્‌ભુત નવનિર્માણ કરીને, અરે ! આખાયે 'સ્વર્ગારોહણ'નું રમણીય રૂપાંતર કરીને, પરમ પૂજ્યશ્રી 'મા'એ પ્રભુપ્રીતિની સમાંતરે લોકપ્રીતિનું ઉમદા ઉદાહરણ આપણી સમક્ષ મૂક્યું છે. 'ગુરુપૂર્ણિમા'ના આ પાવન પર્વે આપણા આ ઉભય સદ્‌ગુરુઓને પ્રણામ કરવા જતાં, ભક્તહૃદયમાંથી અનાયાસ ઉદ્‌ગાર ઊઠે છે :

'સંત પરમ હિતકારી જગતમાંહી સંત પરમ હિતકારી
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી.'

'રામચરિતમાનસ'ને ગુજરાતી ભાવાત્મક પદ્યાનુવાદરૂપે પ્રગટ કરીને પૂ.શ્રી યોગેશ્વરજીએ ગુજરાતી અધ્યાત્મપ્રિય જનતાને એક અણમોલ ભેટ બક્ષી છે. એના છ કાંડોમાંનો એક 'સુંદરકાંડ' પૂ.શ્રી'મા'એ 'સ્વર્ગારોહણ'માં હનુમાનજયંતીએ ૧૦૮ પારાયણ માટે સૂચવી, રામગુણગાન નિમિત્તે નિજદોષોને ઓળખી, એનું પ્રક્ષાલન કરવા પ્રેરી; એ રચનાને સાર્થકતા અર્પી.

આ 'સુંદરકાંડ'નું પારાયણ સ્વર્ગારોહણના વિશાળ ખંડમાંથી ભારત તેમજ વિદેશમાં વસતા સત્સંગીઓના ઘરદ્વાર સુધી પહોંચી રામનામમહિમા તેમજ વિનમ્રતા-વિનયની મૂર્તિ સમા, અત્યંત આભિજાત્ય-શાલીનતાથી શોભતા હનુમાનની સમર્પણસુગંધિત ભક્તિને ભક્તહૃદયોમાં પ્રસારી, તેમનામાં એવી અનુભૂતિ પ્રગટાવી રહ્યું કે;

'અજવાળું હવે અજવાળું
ગુરુ તમ આબે (તમારા શબ્દો આવ્યે) રે મારે અજવાળું.'

સાચે જ, ગુરુપૂર્ણિમાનો જાણે આ 'આગોતરો કૃપાપ્રસાદ' 'પરોક્ષ-પ્રત્યક્ષ ઉભય ચૈતન્યસ્વરૂપો' તરફથી પ્રાપ્ત થયો હોય એવો આધ્યાત્મિક આનંદ 'સુંદરકાંડ'નું પઠન-ગાન-પારાયણ કરનારાઓએ અનુભવ્યો.

'નિજદોષો જ નહિ, નિજને જ ભૂલાવી દે' એવા ભક્તિરસિત 'સુંદરકાંડ'ના શબ્દોનો સાક્ષાત્કાર કરી, હનુમાનમય-સીતામય-રામમય બની આપણે ધન્ય બની ગયા.

આ ધન્યતા પ્રદાન કરનાર પરમ સદ્‌ગુરુઓને કોટિ કોટિ પ્રણામ.



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૧૦૩

**તા. ૨૭-૨-૮૩, રવિવાર, ફાગણ સુદ પૂનમ સં. ૨૦૩૯ ડરબન શહેર**

આજે સવારે સાડા દશે રામકૃષ્ણ સેન્ટર, અવોકામાં કાર્યક્રમ હતો.

નિયમિત વ્યાયામ, મંત્રજપ, લેખન, થોડા આરામ પછી દશ વાગ્યે ત્યાં જવા નીકળ્યાં.

અવોકાના એ રામકૃષ્ણ સૅન્ટરમાં આજે રામકૃષ્ણદેવની ૧૪૭મી જન્મજયંતીનો ઉત્સવ હતો. વરસોથી એ ઉત્સવ ત્યાં ઉજવાય છે, જેમાં દરેક ધર્મના પ્રતિનિધિઓનાં પ્રવચનો ગોઠવાય છે. આ વરસે એ કાર્યક્રમ રદ થયો છે. પૂ.શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનોથી પ્રભાવિત થઈને આ વરસે આજના ઉત્સવમાં એક પૂ.શ્રીનું જ પ્રવચન રાખ્યું છે. 'ધર્મની એકતા' ઉપર પૂ.શ્રી આજે બોલશે.

રામકૃષ્ણ સૅન્ટરના હૉલમાં આજે જનતાનો સમાવેશ નહી થઈ શકે એવા ખ્યાલથી બહાર ખૂલ્લામાં મોટો તંબુ બાંધ્યો છે. તેમાં બારસો જેટલી ખુરશીઓ છે. સામે મંચ ઉપર શ્રીરામકૃષ્ણદેવની બેઠેલી સફેદ પ્રતિમા મધ્યમાં લાલ બેઠક ઉપર શોભી રહી છે.

અમે જ્યારે સૅન્ટરમાં પ્રવેશ્યાં ત્યારે ધ્વજવંદનની તૈયારી ચાલી રહી હતી. ભગવા રંગના ધ્વજ ઉપર દરેક ધર્મનાં ચિહ્નો હતાં.

એક તરફ મધ્યમાં ૐ ને બીજી બીજુ મધ્યમાં શ્રી રામકૃષ્ણદેવનું ચિત્ર હતાં.

સૌ શ્રોતાજનો બહાર આવ્યાં. શ્રી શિવપાદાનંદ, શ્રી શારદાનંદ, શ્રી પ્રેમાનંદ, સૌ પૂ.શ્રીને ખૂબ આદરભાવે પ્રણામ કરે છે. ખ્રિસ્તી પાદરી સન્નારીના શુભ હસ્તે તે ધ્વજને ઉપર ચઢાવાય છે. તે પહેલાં સ્વામી શિવપાદાનંદજી શ્લોકો બોલે છે. એક પાદરી બાઈબલમાંથી થોડાં વાક્યો વાંચે છે.

સૌ ફરીથી અંદર જઈને બેસે છે. સ્વામી શારદાનંદ અમને મંચ તરફ દોરી જાય છે. મંચની સામે પહેલી હરોળમાં લાલ રંગના સોફા મૂક્યા છે. ત્યાં સ્વામી શિવપાદાનંદજી, સ્વામી નિઃશ્રેયસાનંદજી, પૂ.શ્રીએ અને મેં બેઠક લીધી. બીજા વિભાગની પ્રથમ હરોળમાં પાદરી સન્નારીઓ, સ્વામી શારદાનંદ, સ્વામી પ્રેમાનંદ વગેરે બેઠાં હતાં.

સ્વામી પ્રેમાનંદે મંચ ઉપર ભજનકીર્તન શરૂ કર્યું. અંતે સ્વામી શ્રી નિઃશ્રેયસાનંદજીએ કાર્યક્રમની શરૂઆતમાં પ્રવચન આપ્યું. તેઓ હોડેશિયાથી અચાનક આવ્યા છે. તેથી પ્રવચનોમાં તેઓશ્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પછી, પૂ.શ્રીનું પ્રવચન થશે એવી જાહેરાત થઈ. પૂ.શ્રી પોતાની બેઠક ઉપરથી ઊભા થઈ ચંપલ કાઢીને મંચ ઉપર ગયા. મંચ ઉપર પ્રવચન માટેનું ટેબલ હતું. ત્યાં ઊભા રહી પૂ.શ્રીએ શ્લોકગાન સાથે પ્રવચન શરૂ કર્યું. પૂ.શ્રીની જુસ્સાભરી ધર્મમયી વાણીથી જનતાને સત્યપંથની જાણ થઈ.

ગંગાનું પાણી તો એક જ, પણ તેને લોકો જુદાં જુદાં વાસણોમાં ભરીને લઈ જાય. વાસણો જુદાં જુદાં, ધર્મો જુદા જુદા; પણ ગંગાના પાણીની જેમ પ્રભુ તો એક જ છે.

દરેક ધર્મના મહત્ત્વના નિયમોની વાત કરીને પ્રાર્થના,



સેવા, પવિત્રતા એવા સરખા સિદ્ધાંતોની વિસ્તૃત ચર્ચા કરી, પૂ.શ્રીએ ધર્માન્તર કરાવવાની પ્રવૃત્તિ અટકાવી જોઈએ એ મુદ્દા ઉપર ભાર મૂક્યો.

આજનું પૂ.શ્રીનું અંગ્રેજી વક્તવ્ય ખૂબ જ પ્રભાવશાળી ને જોશીલી જબાનવાળું હતું. પ્રવચનને અંતે તાલીઓના ગડગડાટ વચ્ચે પૂ.શ્રીએ પોતાની બેઠક લીધી.

અંતે સ્વામી શિવપાદાનંદજીનું પ્રવચન થયું. જેમાં તેમણે જાણીતા લેખકોના શ્રી રામકૃષ્ણદેવના જીવન વિશેના અભિપ્રાયો રજૂ કર્યા.

બપોરનો એક વાગી ગયો ત્યારે કાર્યક્રમની પ્રથમ બેઠક પૂર્ણ થઈ. બીજી બેઠકમાં તેલુગુ ભાષાનો કાર્યક્રમ અને ભારતીય નૃત્યનો કાર્યક્રમ થશે.

આજે સૌએ અહીં પ્રસાદ લેવો એવું આયોજન હતું. હજારની એ મેદનીમાં દરેકને મેદાનની એક બાજુથી કાગળની ડીસમાં ભોજન જેટલો પ્રસાદ મળતો હતો. સૌ તે ઊભાં ઊભાં કે બેઠાં બેઠાં લેતાં હતાં.

સ્વામી શિવપાદાનંદજીએ અમને પણ આજનો પ્રસાદ લેવા માટે આગ્રહ કર્યો. અમે અમારો નિયમ જણાવ્યો. અંતે થોડાં ફળ એક કોથળીમાં લીધાં.

ઉતારા ઉપર આવીને મકાઈનો ચેવડો બનાવ્યો. આમ, આજ બપોરનું ભોજન ત્રણ વાગ્યે લીધું.

થોડો આરામ કર્યો.

સાંજે છ વાગ્યે ડિવાઈન લાઈફ સૅન્ટરમાં ‘ગીતા’ ઉપર

અંગ્રેજીમાં પ્રવચન હતું. ત્યાં સમયસર પહોંચી ગયાં.

મંચ ઉપર આજે ત્રણ બેઠકો હતી. એક ઉપર સ્વામી નિ:શ્રેયસાનંદજી હતાં. સ્વામી સહજાનંદજી જેઓ નીચે બેઠા હતા તેમની પાસે જઈને પૂ.શ્રીએ તેમને મંચ ઉપર બેસવા વિનંતિ કરી. સ્વામી સહજાનંદજીએ તે વિનંતિ માન્ય રાખી.

થોડા ભજન-કીર્તન પછી પૂ.શ્રીનું અંગ્રેજીમાં પ્રવચન થયું.

ફરીથી તેલુગુમાં એક-બે ભજનો થયાં. સ્વામી નિ:શ્રેયસાનંદજીએ તે ભજનોનો અર્થ સમજાવ્યો.

અંતે અમે વિદાય લીધી. સંકીર્તન ચાલુ જ હતું. સ્વામી સહજાનંદજીએ અમારી સાથે હૉલની બહાર આવીને અમને વિદાય આપી. ડિવાઈન લાઈફ સૅન્ટરની હવે પછીની શિબિરમાં ત્રણસો ભાઈબહેનો ભાગ લેશે એવી વાત અમને શ્રી સહજાનંદજીએ કરી.

અમે વિદાય લીધી અને આજના ત્રીજા પ્રવચન માટે ભારત હૉલમાં આઠ વાગ્યે પહોંચી ગયાં.

અહીં રામાયણનું ત્રીજું પ્રવચન થશે. આજે પૂ.શ્રીને શ્રમ ઓછો પડે એ દૃષ્ટિએ અને સંચાલકની ઈચ્છાને માન આપીને મારે પણ એક કલાક વાર્તાલાપ આપવાનો છે. મારા પ્રવચન પહેલાં પૂ.શ્રી રામાયણ ઉપર થોડું બોલે છે.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી જવાનું બને છે.

દૂધ લઈને આરામ કર્યો.

**હરિ:ૐ**

**—પૂ.શ્રી'મા' સર્વેશ્વરી**



## ॥ 'સુંદરકાંડ' પારાયણ એટલે ચિત્તપ્રક્ષાલનપર્વ ॥

'સ્વર્ગારોહણ'ના ઈતિહાસમાં આ ધરતી પર આ પહેલું 'સુંદરકાંડ'નું પારાયણ પ્રારંભ પામ્યું છે. આજે કોણે કોણે મન મૂકીને ધ્યાનથી ગાયું છે ? જેણે એકાદ ઝોકું ખાધું છે તેને ગોલ્ડ મૅડલ આપવાનો છે. શ્રીરામનાં દર્શન સહન ન થયાં એટલે આંખ મીંચાય એ સ્વાભાવિક છે.

ગુજરાતીમાં છે માટે સમજપૂર્વક ગાવાનું છે હજી બે વાર ગાવાનું છે. એટલે આ હૉલમાં ૧૦૮ને બદલે ૧૨૫ પારાયણ થઈ જશે.

આ જીભથી હજારોવાર નિંદા, ટીકા, નકામા બકવાસો થયા છે. તો આજે રામગુણ ગાઈને એ વાણીના દોષો-અપરાધોને ધોવાના છે.

લોકોને સંભળાવવા કે તાલ બેસે એ માટે નહિ પણ અપરાધોને ધોવા માટે ગાવાનું છે. આંખોથી પણ ઘણા જન્મોથી અપરાધો થયા છે. એ આંખોથી રામની કથા વાંચીને આંખોના અપરાધો ધોવાના છે. એટલે અહીં આપણે સ્નાન માટે આવ્યા છીએ. માટે શરમ છોડીને અપરાધો ધોવા માંડો.

**—પૂ.શ્રી 'મા' સર્વેશ્વરી**

**તા.૩૦/૪/૨૦૨૨**

# ॥ 'રામાયણ'નો ઉદ્ભવ ॥

'રામાયણ' હજારો વર્ષોથી ભારતમાં જીવંત રહ્યું છે. અને દરેક સ્તર અને વર્ગના લોકો પર કામણ કરતું રહ્યું છે. ઊંચા-નીચા, ઊર્ધ્વ-નિમ્ન, રાજા અને રંક, ઉમદા માનવીઓ, વેપારીઓ, શ્રમજીવીઓ, સર્વ આ મહાકાવ્યની કથાઓ તેમજ પાત્રોથી સર્વથા પરિચિત છે.

ગાંધીજીએ સાચું જ કહેલું : 'રામનામ તો ભારતનાં પશુપંખીઓ-પથ્થરોને પણ હજારો વર્ષથી પરિચિત છે.' ભારતની સમગ્ર ધરાતલ પર એનું સામ્રાજ્ય જામેલું છે.

ભારતીય પ્રજાની ધર્મ અને પ્રેમની ભાવનાઓને સંસ્કારતી રામકથા પ્રથમ એક કરુણામય હૃદયના તપસ્વીએ બીજા તપસ્વી પાસેથી સાંભળી અને એ બીજમાંથી જે નયનરમ્ય-ચમત્કારી કૂંપળો ફૂટી તે સમય જતાં રામાયણ કાવ્યના વૃક્ષરૂપે ફૂલી ફાલી.

વિદ્વાનોમાં શ્રેષ્ઠ, તપ-સ્વાધ્યાયરત શ્રી નારદમુનિને ઋષિકવિ વાલ્મીકિએ પૂછ્યું : 'આ યુગમાં ગુણવાન, ધર્મજ્ઞ, સત્યવાદી, આત્મવાન, બળવાન, સર્વનું હિત ઇચ્છનાર અને જેના દર્શનથી લોકોના હૃદયમાં પ્રેમ ઉત્પન્ન થાય એવો કયો પુરુષ છે એ જાણવાની મને ઇચ્છા થઈ છે.' વાલ્મીકિને ઉત્તર આપતાં શ્રી નારદે કહ્યું; 'મુનિરાજ, તમે જે ગુણો ગણાવ્યા છે તે બધા એકમાં હોવા દુર્લભ છે. પરંતુ મેં એવો પુરુષ જોયો છે. તેને વિશે સાંભળો.'

'તે પુરુષ ઇક્ષ્વાકુકુળનાં રાજા દશરથનો જયેષ્ઠ પુત્ર છે. જે સંયમી, વીર્યવાન, તેજસ્વી, બુદ્ધિમાન, નીતિમાન, સર્વ શુભ લક્ષણોવાળો, જ્ઞાની અને પવિત્ર છે અને પ્રજાના કલ્યાણમાં હંમેશાં પ્રવૃત્ત રહે છે. તે પરાક્રમમાં વિષ્ણુ જેવો, રૂપમાં ચંદ્ર જેવો તથા સત્યનિષ્ઠામાં ધર્મરાજા જેવો છે. તેનું નામ રામ છે.' એમ કહી નારદે વિશ્વામિત્રના યજ્ઞના રક્ષણ અર્થે તરુણ રામનું પરાક્રમ, તેમનો સીતા સાથે વિવાહ, વનવાસ, ચિત્રકૂટ ઉપર ભરત સાથેનું મિલન, સીતાહરણ, વાલિવધ, અશોકવાટિકામાં હનુમાન-સીતામિલન, રાવણવધ, સીતાની અગ્નિપરીક્ષા, રામનું અયોધ્યામાં પુનઃ



આગમન, તેમનો રાજ્યાભિષેક, ત્યાં સુધીની કથા સંભળાવી અને ઉમેર્યું; 'એ રામના રાજ્યમાં લોકો સંપૂર્ણ સુખી, ધર્મવૃત્તિવાળા, નીરોગી, દુષ્કાળના ભયથી મુક્ત રહેશે. કોઈ માતાપિતા પોતાની પહેલાં સંતાનનું મૃત્યુ નહિ જુએ. સર્વ સ્ત્રીઓ પતિવ્રતા બનીને રહેશે. કોઈ સ્ત્રી વિધવા નહિ બને. એમ હજારો વર્ષ પૃથ્વી ઉપર ધર્મપૂર્વક રાજ્ય કરી રામ બ્રહ્મલોક સિધાવશે.' આમ રામના જીવન અને ચારિત્ર્યનો પરિચય આપી નારદ વિદાય થયા.

પછી વાલ્મીકિ નિત્યનિયમ અનુસાર આશ્રમની પાસે થઈને વહેતી તમસા નદીમાં સ્નાન કરવા ગયા. ત્યાં તેમની નજર પરસ્પર પ્રેમના આનંદમાં મગ્ન ક્રૌંચ-ક્રૌંચીના યુગલ ઉપર પડી. એ જ ક્ષણે કોઈ પારધીના તીરથી ઘાયલ ક્રૌંચ પૃથ્વી પર પડ્યું. લોહીલુહાણ થઈ તરફડતા સાથીને જોઈ ક્રૌંચી ચિત્કાર કરવા લાગી. તે સાંભળી ઋષિહૃદય કરુણાથી ઊભરાઈ ગયું. તેમના મોંમાંથી પારધી માટે શાપ નીકળી પડ્યો : 'હે નિષાદ ! જા, આખી જિંદગી તારા હૃદયમાં અશાંતિ ભોગવતો રહેજે.' આ શાપ છંદોબદ્ધ વાણીમાં સ્ફુર્યો. શોકં શ્લોકત્વં આગતઃ ।

પછી ઋષિ થોડીવાર ધ્યાનમગ્ન બેસી રહ્યા. ત્યાં બ્રહ્મા તેમની સમક્ષ પ્રગટ થયા. તેમને તે શ્લોક ગાઈ સંભળાવ્યો. પણ ફરી ઉદાસ બની શાંત બેસી રહ્યા. ત્યારે બ્રહ્માએ કહ્યું : 'તમારા પદમાં મારી પ્રેરણાથી જ સરસ્વતી છંદોબદ્ધ વાણીરૂપે પ્રગટ થઈ છે. શાપ અપાઈ ગયો તેની ચિંતા છોડી, નારદે કહેલી 'રામની જીવનકથા' એ છંદમાં જ કાવ્યરૂપે લખો. જ્યાં સુધી આ પૃથ્વી ઉપર પર્વતો સ્થિર રહેશે અને નદીઓ સમુદ્ર પ્રતિ વહેતી રહેશે ત્યાં સુધી તમે રચેલી કથા લોકોમાં જીવતી રહેશે.'

એમ કહી બ્રહ્મા અંતર્ધાન થઈ ગયા. વાલ્મીકિ શિષ્યો સાથે વિસ્મિત થઈ વિચાર કરતા રહ્યા. પછી પવિત્ર મનવાળા વાલ્મીકિ ઋષિએ નિશ્ચય કર્યો કે એ પ્રકારના શ્લોકોમાં સમગ્ર રામકથા આલેખવી. એ નિશ્ચયને અનુસરી. તેમણે હજારો શ્લોકોવાળું, અમર કીર્તિ-સંપડાવતું 'રામાયણ' કાવ્ય રચ્યું.

—સંકલન

# ॥ 'સુંદરકાંડ'ની લાક્ષણિકતાઓ ॥

'રામાયણ'ના કુલ છ ભાગ કે સોપાન કે કાંડ છે : બાલકાંડ, અયોધ્યાકાંડ, અરણ્યકાંડ, કિષ્કિંધાકાંડ, સુંદરકાંડ અને યુદ્ધકાંડ.

આમાંનો 'સુંદરકાંડ' જ એક એવો કાંડ છે, જેમાં રામ નહિ પણ હનુમાન નાયક છે.

હનુમાનને તેમની માતા અંજની 'સુંદર' કહેતાં હતાં. તેથી ઋષિ વાલ્મીકિએ આ કાંડનું નામ 'સુંદરકાંડ' પસંદ કર્યું છે.

આ કાંડમાં હનુમાનનું લંકાપ્રસ્થાન, લંકાદહન અને તે લંકાથી પાછા ફર્યા-આ ઘટનાક્રમ આવે છે. મુખ્ય તો હનુમાન અશોકવાટિકામાં સીતાને રામનો સંદેશ આપી, સીતાનો સંદેશ રામ માટે લઈ આવે છે. તેમાં રામ-સીતા પ્રત્યેનાં હનુમાનનાં સ્નેહ-સમર્પણ સૂચિત છે.

આમ તો હનુમાન વાયુપુત્ર હોવાથી, રામ પર અનન્ય ભક્તિભાવ હોવાથી, પોતાના અતુલનીય બળથી સીતાને રાવણના સંકજામાંથી છોડાવીને લાવી જ શક્યા હોત. પરંતુ રામની આજ્ઞા ન હોવાથી તે સાહસ નથી કરતા તેમાં તેમના વિવેક, વિનય, વિનમ્રતાના સહજ ગુણથી સાચા રામસેવક તરીકેની અપ્રતિમ છબી સિદ્ધ થાય છે.

રાવણના અત્યાચારથી અકળાયેલ સીતા પણ રામદૂત હનુમાનની ભક્તિ અને શક્તિથી પ્રેરાઈ તેની સાથે પાછાં ફરી શકત પણ પતિવ્રતા, રામમય સીતાની પ્રતિજ્ઞા તેમજ શ્રદ્ધા હતી કે રામ જ તેને રાક્ષસના ત્રાસમાંથી મુક્ત કરવા આવશે. તેથી તેમની જ પ્રતીક્ષા કરવા ચાહે છે. તો સામે રામ પણ સીતાના સમાચાર મળતાં જ એક ક્ષણના પણ વિલંબ વિના સીતા પાસે આવવા તત્પર થઈ જાય છે. 'પ્રીતિયોગં પરસ્પરમ્'.

આમ 'સુંદરકાંડ' રામદૂત હનુમાન તેમજ રામરત સીતા બંનેનાં ઉજ્જવળ ચરિત્રોથી ખરેખર સુંદર અને પ્રભાવક બની રહે છે.

## ॥ 'સુંદરકાંડ' પાઠનો મહિમા ॥

પૌરાણિક માન્યતા પ્રમાણે :

હનુમાનજી 'સાત ચિરંજીવીઓ'માં એક મનાય છે. અર્થાત્ અત્યારે પણ પૃથ્વી પર સદેહે મોજૂદ છે. તેથી જ્યાં સુંદરકાંડનો



પાઠ થાય છે ત્યાં હનુમાનજી કોઈ ને કોઈ સ્વરૂપે એ પાઠ સાંભળવા અવશ્ય આવે છે.

કહેવાય છે કે, આનો નિયમિત પાઠ સર્વ વિઘ્નોનો નાશ કરે છે. આનાથી ધન, સંપત્તિ, સુખ, વૈભવ, પદ, પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે.

'સુંદરકાંડ'નો પાઠ અત્યંત સિદ્ધ છે, આ પાઠ કરવાથી હનુમાનજીની કૃપા શીઘ્ર થાય છે.

સૂક્ષ્મ રીતે જોતાં, આ કાંડમાં હનુમાન સીતામાતાની શોધમાં સફળ થાય છે, તેથી જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા આ પાઠથી મનુષ્યનો આત્મવિશ્વાસ દૃઢ થાય. માનસિક શાંતિ પ્રાપ્ત થતાં ગમે તેવી વિપરીત પરિસ્થિતિઓ સામે ટકી શકાય. એટલે આધ્યાત્મિક પ્રસન્નતાનું પણ તે કારણ બને છે.

ખરેખર તો 'રામચરિતમાનસ'ની પ્રત્યેક ચોપાઈનું પઠન પ્રભુ શ્રીરામની નજીક લઈ જાય છે. પરંતુ આમાં સૌથી ઉત્તમ 'સુંદરકાંડ' મનાયો છે, કેમકે આમાં હનુમાનજી દ્વારા કરાયેલાં મહાન પરાક્રમોનું વર્ણન છે તેમજ તેમની ઉત્કટરામપ્રીતિનું દર્શન છે.

એટલે જ અખંડ રામાયણ-પારાયણ પછી એકવાર આ 'સુંદરકાંડ'નો પાઠ ફરીથી અલગ રીતે કરવામાં આવે છે.

અધ્યાત્મની અભિનવ દૃષ્ટિથી સંપન્ન પૂ.શ્રી'મા' જેવા સંતો કહે છે : 'રામગુણ ગાઈને, હનુમાનગુણ ગાઈને આપણી વાણીના દોષો-અપરાધોને ધોવાના છે.'

અર્થાત્ રામનામ મંગલકારી છે, અમંગલહારી છે. પોતાને સામર્થ્યવાન, અપ્રતિમ શક્તિમંત માનતી દરેક વ્યક્તિએ સમજી લેવું જરૂરી છે કે, ઈશ્વરેચ્છા જ સર્વોપરી હોય અને રહેવી જોઈએ. એની અનુજ્ઞા-કૃપા વિનાનાં બધાં જ બળ-શક્તિ-પ્રતિભા અંદર જ સંગોપી રાખવાં ઘટે. રામની આજ્ઞા વિના ડગલું તો શું, વળતો શ્વાસ પણ જે લેવા ન ઈચ્છે એ જ રામનો સાચો ભક્ત છે.

એટલે રામનામનો તાત્ત્વિક મહિમા સમજવા પણ 'સુંદરકાંડ'નો પાઠ બહુ જ ઉપયોગી થઈ પડે એવો છે. પૂ.શ્રી યોગેશ્વરજી 'સુંદરકાંડ'ના સમાપન કરતાં સરસ કહે છે :

'સકળ સુમંગલદાયક રઘુનાયક ગુણગાન
સાદર સુણનારા તરે ભવસિંધુ વિના યાન'

**—સંકલન**

# ॥ સુંદરકાંડનું સળંગ કથાનક ॥

[ભારતમાં મધ્યકાળમાં ચારસો વર્ષ પહેલાં અવધી હિંદીમાં લખાયેલી તુલસીદાસ વિરચિત રામકથા 'રામચરિતમાનસ' સમગ્ર ભારતમાં પ્રચંડ લોકાદર પામી હતી-છે. તુલસીદાસજીને જેનું નિર્માણ કરતાં બે વરસ અને આઠ મહિના લાગેલા. પૂ.શ્રી યોગેશ્વરજીની સિદ્ધહસ્ત કલમે એનું ગુજરાતી રૂપાન્તર દોઢેક વર્ષમાં તૈયાર થઈ ગયું.

શ્રી અનંતરાય રાવળે નોંધ્યું છે તેમ; 'પાસે મૂળ કૃતિ રાખી, પોતે ગુજરાતીમાં ઉતારતા જાય અને એ એવું છેકભૂંસ વિનાનું હોય કે સીધું પ્રેસમાં જઈ શકે. અદ્‌ભુત ચોકસાઈ અને શીઘ્રલેખનની એમની ફાવટે તેમજ એમના અનન્ય ભાષાપ્રભુત્વે એમને ધાર્યું કામ આપ્યું છે.'

તેઓશ્રી બહુધા તુલસીદાસજીના 'દોહા-છંદ ચારુ ચોપાઈ'ને અનુસર્યા છે, પરિણામે તુલસીદાસજીની રામકથાને સરળ ગુજરાતીમાં ગેય અને લોકસુગમ કરી આપવાનો તેઓશ્રીનો આશય બર આવ્યો છે.

'રામચરિતમાનસ'ના અસલ રચયિતાના સમાનધર્મી બની, લોકાનુગ્રહાર્થે ગુજરાતી ભાષામાં તૈયાર થયેલા મહાત્મા શ્રી યોગેશ્વરજીના આ પદ્યાનુવાદને રામરસનું ભક્તિભાવથી પાન કરનારો બહોળો, વાચકવર્ગ મળી રહ્યો છે, જે સહજ છે.

'સુંદરકાંડ'નું આ કથાનક સંત સાહિત્યકાર શ્રી યોગેશ્વરજીના 'રામચરિતમાનસ'ના પદ્યાનુવાદને આધારે સંકલિત કર્યું છે.]

**॥ વીર હનુમાન શ્રીરામદૂત બન્યા ॥**

'સુંદરકાંડ'ના પ્રારંભમાં જાંબવાન 'શ્રીરામની વંદના' કર્યા પછી હનુમાનને વંદન કરે છે. ત્યારે હનુમાન 'હું સીતાજીને જોઈ આવું ત્યાં સુધી પ્રતીક્ષા કરજો.' એમ કહી, રામના વિશ્વાસે, રામને હૃદયે ધારી, વારંવાર તેમનું સ્મરણ કરતાં ચાલી નીકળે છે.



હનુમાન શ્રીરામના દૂત બનીને, સીતાજીની શોધમાં લંકા ગયા સીતાજીને શોધી કાઢ્યા, રાવણને મળ્યા અને લંકાને ભડકે બાળી, પરાક્રમ બતાવી હેમખેમ પાછા આવી ગયા. 'સુંદરકાંડ'ની સમગ્ર કથા આટલી જ છે.

પરંતુ, શ્રીરામ સાથેનું પ્રથમ મિલન હનુમાનનું કાયમી મિલન થઈ ગયું. તેઓ જીવનભર સાથે રહ્યા આજે પણ સાથે જ છે. આજે પણ તેઓ 'રામદૂત' જ છે.

(કહે છે : બાળ હનુમાનની માતા અંજનીદેવી એકવાર બહાર ગયેલાં, તેમને સખત ભૂખ લાગેલી. અચાનક તેમની નજર પૂર્વદિશામાં ઊગતા સૂર્ય પર પડી, એમને થયું કે કોઈ ફળ છે, તેમણે જોરથી કૂદકો મારી સૂર્યને મોઢામાં પકડી લીધો. ચારે તરફ અંધકાર છવાતાં, હાહાકાર મચી ગયો. ઈન્દ્રે હનુમાનને બાણ માર્યું, તેથી સૂર્યને છોડી દીધો. એ બાણ વાગવાથી તેમની દાઢી વાંકી થઈ ગઈ તેથી તેઓ હનુમાન 'કહેવાયા કેમકે' હનુ'નો અર્થ દાઢી થાય છે. આ પૌરાણિક મિથ હનુમાનની વીરતાની પરાકાષ્ઠા સૂચવે છે.)

**॥ સીતાની શોધમાં હનુમાન ઉપડ્યા ॥**

સીતાને શોધવા લંકામાં જવાનો હનુમાને દૃઢ સંકલ્પ કર્યો. મહેન્દ્ર પર્વતની ટોચ પરથી આકાશ તરફ જોયું અને ઊડવાના માર્ગ ઉપર દૂર દૂર સુધી દૃષ્ટિ ફેંકી. નીચે બેઠેલા વાનરોને સંબોધીને કહ્યું; 'કાં તો સીતાને શોધી લાવું છું, કાં તો રાવણસહિત આખી લંકા ઉપાડી લાવું છું.'

**॥ મૈનાક પર્વતે સ્વાગત કર્યું ॥**

હનુમાનને વેગથી ઊડતા જોઈ આકાશમાંથી દેવો અને ગંધર્વોએ પુષ્પવૃષ્ટિ કરી. રામકાર્યમાં સહાય કરવાના હેતુથી, રામના દૂતને કષ્ટ ન પડે તે માટે સાગરે જળમાં ડૂબેલા મૈનાક પર્વતને કહ્યું કે; 'તું ઊભો થા, જેથી કપિશ્રેષ્ઠ તારા શિખર ઉપર આશ્રય લઈ શકે.'

સાગરની વિનંતી સાંભળી મૈનાક તુરત બહાર આવ્યો. પણ હનુમાને તો તેને વિઘ્ન ગણી ઝાટકો મારી બેસાડી દીધો. હનુમાનનું બળ જોઈ મૈનાકને બહુ આનંદ થયો. તેણે પ્રસન્ન વાણીમાં કહ્યું;

'સાગર તમારો સત્કાર કરવા ઇચ્છે છે. તમે મારા શિખર ઉપર વિશ્રામ કરો. તમે એનું માન રાખો. હું વાયુદેવનો ઋણી છું. તમે એના પુત્ર હોઈ મારા સન્માન્ય છો. તમે મારું આતિથ્ય સ્વીકારો.'

હનુમાને વિનયથી કહ્યું; 'આપે મારું આતિથ્ય કર્યું તેથી હું પ્રસન્ન થયો છું. પણ મારાથી વિલંબ થાય એમ નથી. મેં પ્રતિજ્ઞા કરી છે કે હું વચ્ચે ક્યાંય નહિ રોકાઉં.' પછી પોતાના પંજાઓ વડે મૈનાકને સ્પર્શ કરી, પાછા આકાશમાં ખૂબ ઊંચે પવનવેગે આગળ ચાલ્યા.

**॥ સુરસાનો સામનો ॥**

નાગમાતા સુરસાએ વિકરાળ રાક્ષસીનું રૂપ ધરી હનુમાનની સામે આવી કહ્યું; 'દેવેશ્વરોએ તમને મારા લક્ષ્ય બનાવી મને અર્પિત કર્યા છે તમે મારા મોંમાં પ્રવેશો.' હનુમાને વિનયપૂર્વક નમસ્કાર કરી કહ્યું, 'રામની આજ્ઞાથી હું સીતાને શોધવા જઈ રહ્યો છું. સીતાને શોધીને હું પાછો તમારી પાસે આવીશ. હું વચન આપું છું.' પણ સુરસાને વરદાન હતું કે કોઈ તેની અવગણના ન કરી શકે. તેથી તેણે હઠાગ્રહ કર્યો ત્યારે હનુમાને તેને કહ્યું; 'તમારું મોં પહોળું કરો.' જેમ જેમ સુરસા મોં પહોળું કરતી ગઈ તેમ તેમ હનુમાન પોતાનું શરીર મોટું કરતા ગયા. છેવટે એકદમ અંગુઠા જેવડું નાનું કરી તેના મોંમાં પેસી ગયા ને તુરત પાછા નીકળી ગયા. બહાર નીકળી હસતાં હસતાં કહ્યું; 'પ્રણામ દક્ષપુત્રી, તમારા વરદાનનું માન રખાયું છે. હવે હું સીતાને શોધવા જાઉં છું.' સુરસાએ પ્રસન્ન થઈ મૂળ દેવીરૂપ ધારણ કરી, હનુમાનને આશીર્વાદ આપ્યા.

**॥ હિંસિકાનો સામનો ॥**

આકાશમાર્ગે આગળ વધતા હનુમાન સામે એક બીજું વિઘ્ન આવ્યું. સમુદ્રમાં રહેતી હિંસિકાએ તેને પકડી ખાઈ જવાના ઇરાદાથી તેમની છાયાને પકડીને ખેંચી. હનુમાનને સુગ્રીવે આપેલી આ ચેતવણી યાદ આવી. તેથી તેમણે પોતાના શરીરને વર્ષાઋતુના વાદળ જેવડું મોટું કરી નાખ્યું. હિંસિકાના પહોળા કરેલા મોંનાં બધાં મર્મસ્થાનો જોઈ લીધાં અને અચાનક પોતાના શરીરને નાનું બનાવી રાક્ષસીના મોંમાં પેસી જઈ, બહાર નીકળી આવ્યા.



તે પછી આકાશમાં ઊંચે ઊડી, શેષ માર્ગ ગરુડગતિએ વટાવી તેઓ સમુદ્રના સામે કિનારે પહોંચ્યા. સો યોજન કૂદવા છતાં હનુમાનને ન શ્વાસ ચડ્યો, ન થાક લાગ્યો.

**॥ હનુમાનનો લંકાપ્રવેશ ॥**

સમુદ્રના દક્ષિણ કિનારે ઊતરી હનુમાને ચારે દિશામાં નજર નાખી, સુંદર વનપ્રદેશ જોયો. પછી લમ્બ પર્વતના શિખર ઉપર પહોંચ્યા. તેના ત્રિકૂટ શિખર ઉપર વસેલી સ્વર્ગની અમરાવતી જેવી લંકાનગરી જોઈ. પોતે ઊભા હતા તે સ્થળ અને લંકા વચ્ચે અનેક વનો-ઉપવનો હતાં; તે ઓળંગી હનુમાન લંકા પહોંચ્યા. ચારે બાજુ રાક્ષસોનો પ્રદેશ હતો.

પોતાના વાનરરૂપે લંકામાં પ્રવેશ કરવાનું ઉચિત ન લાગતાં, તેમણે રાત્રે પોતાને કોઈ જોઈ ન જાય એ રીતે પ્રવેશવાનું વિચાર્યું. હનુમાને નાની બિલાડી જેવી જાત બનાવી દીધી ને સૂર્યાસ્તની રાહ જોવા લાગ્યા.

**॥ લંકામાં સીતાની શોધ ॥**

રાવણના મહેલ પાસે આવ્યા. તેમાં અનેક પ્રકારનાં લતાગૃહો, ચિત્રશાળાઓ, ક્રીડાગૃહો, રતિગૃહો હતાં.

સુશોભિત મહેલની મધ્યમાં વિશાળ ભવન દેખાયું. સુંદર સ્ત્રીઓથી ભરેલ મોટો ખંડ હતો.

રાવણના શયનખંડમાં એક અત્યંત સ્વરૂપવાન સ્ત્રી જોઈ જે રાવણની પટરાણી મંદોદરી હતી. નિદ્રાવશ અનેક સ્ત્રીઓમાં તેમને સીતા જડ્યાં નહિ. ભારે નિરાશા થઈ.

અત્યંત મૂંઝાયેલા હનુમાને નિર્ણય કર્યો કે; સીતાને આખી લંકામાં ખોળીશ. સામે મોટાં વૃક્ષોવાળી અશોકવાટિકા છે તેમાં તો ખોળ્યાં નથી. એમ વિચારી, કાર્યની સિદ્ધિ માટે મનોમન પ્રાર્થના કરી.

**॥ અશોકવાટિકામાં સીતા ॥**

હનુમાન સીતાનું ધ્યાન ધરી, અશોકવાટિકાની દીવાલ ઉપર જઈને બેઠા. પછી એક પછી એક વૃક્ષ ઉપર ચડીને સીતાને શોધવા લાગ્યા. છેવટે એક અશોકવૃક્ષના પર્ણોમાં છુપાઈને બેઠા. ત્યાંથી

બધી બાજુ જોતા હનુમાનની દૃષ્ટિ એક કૃશ, નિર્બળ, વારંવાર નિઃશ્વાસ નાખતી, દુઃખમાં ડૂબેલી, શિકારી કૂતરાઓથી ઘેરાયેલી મૃગીની જેવી સ્ત્રી પર પડી. એ સીતા જ છે એવી પ્રતીતિ થતાં, અત્યંત હર્ષ અનુભવી, મનમાં રામનું સ્મરણ-સ્તુતિ કરવા લાગ્યા. તેવામાં આકાશમાં ચંદ્રોદય થતાં એના પ્રકાશમાં હનુમાને શોકમાં ડૂબેલી ચંદ્રવદના સીતાને વધુ સ્પષ્ટ જોઈ. હૃદયથી રામને નમસ્કાર કરી, પછી ત્યાં જ છુપાઈને બેસી રહ્યા.

**॥ સીતાને રાવણની ધમકી ॥**

રાત્રિ પૂરી થઈ રાવણ નિદ્રામાંથી જાગ્યો. પુષ્પમાળા ઇત્યાદિથી દેહને શણગારી સીતાની કામના કરવા લાગ્યો. સીતા ઉપરની આસક્તિ પ્રબળ થતાં તે તૈયાર થઈ અશોકવાટિકામાં સીતા બેઠી હતી તે તરફ ચાલ્યો. તેની પાછળ અસંખ્ય સૌંદર્યવતી સ્ત્રીઓ ચાલતી હતી.

પતિધ્યાનમાં લીન, તપસ્વિની એવી સીતાની પાસે આવી રાવણ મધુર વાણીથી બોલવા લાગ્યો : 'પરસ્ત્રીહરણ ને પરસ્ત્રીગમન રાક્ષસોનો સ્વભાવ છે પણ જ્યાં સુધી તારામાં મારા પ્રત્યે અનુરાગ ઉત્પન્ન નહિ થાય ત્યાં સુધી હું તારા શરીરનો સ્પર્શ નહિ કરું. મને સ્વીકારીને તું વિવિધ પુષ્પમાળાઓ, ચંદનઅગુરુના ગંધ, વિવિધ વસ્ત્રો, દિવ્ય આભૂષણો, ઉત્તમ મદિરાપાન, ગીતનૃત્યવાદ્યનો આનંદ, કીમતી શય્યા. સર્વ ભોગો ભોગવ. મારા અંતઃપુરની સુંદરમાં સુંદર સ્ત્રીઓ તારી સેવા કરશે. તપમાં, બળમાં, પરાક્રમમાં, ધનમાં, યશમાં, તેજમાં કશામાં રામ મારી બરાબરી કરી શકે તેમ નથી. માટે તું મારો સ્વીકાર કર.'

રાવણનાં વચન સાંભળી, એકમાત્ર રામનો વિચાર કરતી સીતાએ રડતાં-રડતાં, ધ્રુજતાં-ધ્રુજતાં દીન સ્વરે કહ્યું; તારું મન મારામાંથી ખેંચીને તું તારી પત્નીઓમાં પરોવ. હું સતીધર્મને વરેલી બીજાની પત્ની છું. તું સદ્‌ધર્મ સમજ ને તેને અનુસર.

જેમ સૂર્યની પ્રભા ક્યારેય તેનો ત્યાગ નથી કરતી તેમ હું ક્યારેય રામનો ત્યાગ કરીશ નહિ.



લંકાનું હિત ઇચ્છતો હોય તો રામ સાથે મૈત્રી કરી લે. નહિ તો ઇન્દ્રે છોડેલા વજ્રથી કદાચ બચી શકીશ પણ ક્રોધે ભરાયેલા રામથી નહિ બચી શકે. તિરસ્કારથી ઉત્તેજિત રાવણે ક્રોધે ભરાઈ કહ્યું; 'તારાં અપવચન માટે તું વધને જ પાત્ર છે પણ હું તને એક માસની મુદત આપું છું. તું મને પતિ તરીકે નહિ સ્વીકારે તો મારા રસોઈયાઓ મારા ઉપહાર માટે તારા ટુકડેટુકડા કરી નાખશે.'

**॥ સીતાનો પ્રબળ પ્રતિકાર ॥**

રાવણની ધમકીથી, તેની સાથે આવેલી સ્ત્રીઓ સીતાને આશ્વાસન આપવા લાગી. તેમની સહાનુભૂતિથી હિંમત ધરી સીતા બોલી : 'ધર્માત્મા રામની પત્ની અને દશરથની પુત્રવધૂ એવી મારી સાથે આમ બોલતાં તારી જીભ ચિરાઈ કેમ નથી જતી ? હું મારા તેજથી તને ભસ્મ કરી નાખી શકું છું. પણ તેમ કરવાની મને રામની આજ્ઞા નથી મળી.'

સીતાનાં વચન સાંભળી, સૂર્યની જેમ ફૂંફાડા મારતા રાવણે સીતાની ચોકી કરતી વિકરાળ રાક્ષસીઓને આજ્ઞા આપી : 'ગમે તે ઉપાયે સીતાને મારા વશમાં લાવો.' બધી રાક્ષસીઓએ પોતપોતાની રીતે સીતાને સમજાવવા કોશિશ કરી ત્યારે સીતાએ એક જ ઉત્તર આપ્યો : 'તમે ઇચ્છો તો મને ખાઈ જાઓ પણ આ મનુષ્ય સ્ત્રી કદી રાક્ષસની પત્ની બનવાની નથી.'

**॥ મક્કમમના સીતા ॥**

પછી ભયથી ધ્રૂજતી સીતા અશોકવૃક્ષની ડાળી પકડીને ઊભી રહી, વિલાપ કરવા માંડી. છેવટે આત્મતિરસ્કાર કરતાં બોલી 'અનાર્યા, અસતી મને ધિક્કાર છે કે રામ વિના એક ઘડી માટે પણ જીવતી રહી છું.'

પાછી રાક્ષસીઓને ઉદ્દેશી કહેવા લાગી 'તમે મારા શરીરના ટુકડેટુકડા કરી નાખો કે જલતા અગ્નિમાં ફેંકો, હું કદાપિ રાવણને સ્વીકારવાની નથી.'

**॥ ત્રિજટાની ચેતવણી ॥**

આ સ્થિતિમાં હું મારું મૃત્યુ જ ઇચ્છું છું. એવો સીતાનો નિર્ધાર

સાંભળી ત્રિજટા નામની વૃદ્ધ રાક્ષસીએ કહ્યું; 'દુષ્ટાઓ તમે તમારી જાતને ખાઈ જાઓ. સીતાને તમે નહિ ખાઈ શકો. ગઈ રાત્રે મને સ્વપ્ન આવેલું કે રાક્ષસોનો નાશ થશે ને સીતાના પતિનો વિજય થશે.'

તમે વિનયવચનથી સીતાને પ્રસન્ન કરશો તો તે તમને મહાભયમાંથી બચાવી લેશે. વળી જુઓ, તેની ડાબી આંખ ને ડાબો હાથ ફરકી રહ્યાં છે. તે તેને માટે કાંઈ પ્રિય સાંભળવાનું મળશે તે સૂચવે છે.

સીતાનું આખું ડાબું અંગ ફરકવા લાગ્યું. ને તે હર્ષથી પ્રફુલ્લિત થઈ ઊઠી. તેનાં શોક ને સંતાપ શમી ગયાં. તેનું મુખ પ્રસન્ન ભાવથી શોભી ઊઠ્યું.

**॥ સીતા-હનુમાન મેળાપ ॥**

સીતાને હનુમાને જોયાં તો ખરાં પણ તેમને બોલાવવાં કઈ રીતે ? સીતાના પ્રિયજન રામની કીર્તિ ગાઉં જેથી તે ભય નહિ પામે એમ વિચારી હનુમાને 'સીતા સાંભળે તેમ મધુર મનુષ્યવાણીમાં બોલવાનું શરૂ કર્યું. રામના વનવાસની, દંડકારણ્યમાં સીતાહરણની, જનસ્થાનમાં રાક્ષસોના વધની, રામ-સુગ્રીવ મૈત્રીની, વાલિવધની અને સીતાની શોધમાં સુગ્રીવે મોકલેલા વાનરોની કથા સંક્ષેપમાં કહી સંભળાવી.'

મનુષ્યવાણી સાંભળી સીતા વિસ્મય પામી, પર્ણોમાં છુપાયેલા હનુમાનને જોઈ પળવાર તેને લાગ્યું કે પોતે સ્વપ્ન જોઈ રહી છે. પણ સ્વપ્નમાં વાનર દેખાય તે અશુભ. એમ વિચારી ગભરાઈ. પછી 'આ સ્વપ્ન નથી. હું સર્વ દેવોને પ્રણામ કરી પ્રાર્થના કરું છું કે આ વાનરે કહેલું, મેં સાંભળ્યું; તે સાચું નીકળે.'

હનુમાન સીતાની મૂંઝવણ સમજી, માથું નમાવી, વિનયભરી વાણીમાં કહે છે : 'જો તમે જનસ્થાનમાંથી રાવણ હરી ગયો એ સીતા હો તો મારે જાણવું છે, મને કહો.' રામના ગુણોની સ્તુતિથી હર્ષિત બનેલી સીતાએ પોતાની બધી વાત માંડીને કહી. સાથે એમ પણ કહ્યું કે, 'રાવણની એક માસની મુદત વીત્યે હું મારા જીવનનો અંત લાવીશ.' ત્યારે સીતાને સાંત્વન આપતાં હનુમાન બોલ્યા :



'દેવી, હું રામની આજ્ઞાથી તેમનો દૂત થઈને તમારી પાસે આવ્યો છું. રામ કુશળ છે અને તમારું કુશળ પૂછાવે છે.' આ સાંભળી સીતા પહેલાં તો હર્ષથી પ્રફુલ્લિત થઈ ઊઠી પણ આ હનુમાન માયાવી રૂપમાં રાવણ જ હોવાની તેને આશંકા થઈ. પરંતુ પોતાના હૃદયની પ્રીતિ અનુભવતાં તે બોલી; 'તું રામનો દૂત થઈ આવ્યો હો તો તારું કલ્યાણ થાઓ.' ત્યારે હનુમાને તેની પ્રસન્નતા વધારતાં કહ્યું; 'જેણે તમારું હરણ કર્યું છે તે રાવણને તેના કૃત્યનું ફળ મળશે. રામ થોડા જ સમયમાં તેનો વધ કરશે. હું હનુમાન નામનો સુગ્રીવનો સચિવ છું.'

સીતાએ ઉત્સુકતા દર્શાવતાં હનુમાને કહ્યું; 'જ્યારે રાક્ષસ તમને હરી જતો હતો ત્યારે તમે જે આભૂષણો નીચે ફેંક્યાં હતાં તે સુગ્રીવે લાવીને રામને બતાવ્યાં.' રામ તે જોઈને મૂર્છિત બની ગયા પણ પછી આભૂષણોને ખોળામાં રાખી, ખૂબ રડ્યા. તમારા વિના રામ અત્યંત દુઃખી છે.

**॥ રામની મુદ્રિકા આપી ॥**

રામે વાલિનો વધ કરીને સુગ્રીવને રાજ્ય આપ્યું હતું અને સુગ્રીવે વાનરોને સીતાની શોધમાં મોકલ્યા હતા. સંપાતિની સૂચનાથી પોતે 'સમુદ્ર ઓળંગીને લંકામાં પ્રવેશ્યા હતા. માટે દેવી તમે મારી સાથે વાત કરો હું સુગ્રીવનો મંત્રી ને રામનો દૂત છું.' આ વૃત્તાંત કહ્યા પછી રામના નામથી અંકિત વીંટી-મુદ્રિકા સીતાને આપી. જે મેળવી સીતાને રામ મળ્યા હોય એટલો આનંદ થયો.

'તમે અહીં છો તે રામ જાણતા નથી. મારી પાસેથી સમાચાર સાંભળશે એટલે તુરત જ મોટી સેના લઈને અહીં આવી પહોંચશે.' એવાં હનુમાનવચનો સાંભળતાં સીતા બોલ્યાં : 'તમે જઈને એમને કહો કે ઉતાવળ કરે.' એટલે હનુમાને કહ્યું; 'તમે મારી પીઠ પર બેસી જાઓ. તમને લઈને હું સાગર ઓળંગી જઈશ.' ત્યારે સીતાએ કહ્યું; 'મહાકપિ, હું તમારાં બળ-પરાક્રમ જાણું છું. પણ રામ પોતે જ આવીને રાવણનો વધ કરી મને લઈ જાય તે જ તેમને શોભે.'

**॥ સીતાએ ચૂડામણિ આપ્યો ॥**

હનુમાને સીતાના નિર્ણયથી આનંદ પામી. સીતાને કંઈક

ઓળખ ચિહ્ન આપવાનું કહ્યું જેથી પોતે સીતાને મળ્યા છે તેની રામને ખાતરી થાય.

ત્યારે સીતાએ શ્રેષ્ઠ અભિજ્ઞાનરૂપે ચિત્રકૂટ ઉપરનો એક પ્રસંગ કહ્યો. જેમાં કાગડાએ પોતાની છાતીમાં ચાંચ મારતાં, રામે દર્ભના આસનમાંથી એક તૃણ લઈને બ્રહ્માસ્ત્રનો મંત્ર ભણી તેની ઉપર છોડેલું પછી તે શરણે આવતાં કાગડાના કહેવાથી તેની એક આંખ ફોડી હતી કેમકે બ્રહ્માસ્ત્ર નિષ્ફળ નથી જતું. પોતાને કારણે એક કાગડા પર બ્રહ્માસ્ત્ર છોડનાર રામ રાવણ પોતાને હરી ગયો છે છતાં કેમ સહન કરી રહ્યા છો ? —આમ કહી સીતાએ વસ્ત્રમાં એક સુંદર ચૂડામણિ બાંધી રાખેલો તે કાઢીને રામને આપવા હનુમાનને આપ્યો. હનુમાને તે આંગળી પર પહેરી લીધો. અને સીતાની પ્રદક્ષિણા કરીને, પ્રણામ કરી ઊભા રહ્યા. સીતાએ કહ્યું; 'રામ આ ચૂડામણિને જરૂર ઓળખશે.'

### ॥ હનુમાનના આશ્વાસક શબ્દો ॥

સીતાની આજ્ઞા સાથે ચઢાવી હનુમાને જવાની તૈયારી કરી. છેવટે કહ્યું; 'દેવી, પરિતાપ કરવાનું બંધ કરો. સુગ્રીવ એક છલાંગમાં જ લંકામાં પહોંચશે. અને પ્રકાશમાન સૂર્યચંદ્ર જેવા બે નરવીરો મારી પીઠ પર સવાર થઈને અહીં આવશે અને રાવણસહિત આખી લંકાનો નાશ કરી તમને લઈને અયોધ્યા પાછા જશે. માટે તમે શ્રદ્ધા રાખો અને રામ આવે તેની પ્રતીક્ષા કરો.'

સીતાએ શાંત થઈ ઉત્તર આપ્યો. 'વાનર પ્રિયવાદી તમને જોઈને વર્ષા થાય ત્યારે પૃથ્વીને થાય તેવો આનંદ મને થાય છે.' હવે તમે કરુણા કરી એવો ઉપાય કરો કે હું રામને મળું. ક્રૂર રાવણની દૃષ્ટિ મારાથી સહી જતી નથી. 'રામ મારા પ્રત્યે ઉદાસીન થયાની મને જાણ જે ક્ષણે થશે તે જ ક્ષણે હું પ્રાણત્યાગ કરીશ.'

હનુમાને વળી સીતાને આશ્વસ્ત કરતાં કહ્યું; 'દેવી, હું સત્યના શપથ લઈને કહું છું કે તમારા વિયોગમાં રામ બીજી સર્વ વસ્તુઓથી વિમુખ થઈ ગયા છે. હવે થોડા જ સમયમાં તમે તમારા દુઃખનો અંત જોશો.'



સીતાએ હનુમાનને ભારે હૃદયે વિદાય આપી કહ્યું; 'વાનરવીર, જાઓ તમારો માર્ગ કલ્યાણમય બની રહો.'

સીતાનાં વિદાયવચન સાંભળી પ્રસન્ન થતા હનુમાન મનમાં ને મનમાં ઉત્તર દિશામાં પહોંચી ગયા.

### ॥ અશોકવનનો નાશ ॥

સીતાને મળ્યા પછી હનુમાનને પોતાનું પરાક્રમ રાક્ષસોને બતાવવાનો વિચાર આવ્યો જેથી રાવણ તેનું બળ જાણે. આ અશોકવનનો જ નાશ કરું એમ નિર્ણય કરી મોટાં મોટાં વૃક્ષો ઉખાડીને ફેંકવા માંડ્યાં, તેનાં બધાં ચિત્રગૃહોનો પણ નાશ કર્યો અને યુદ્ધની રાહ જોતા, દરવાજા પર વિશાળ રૂપ ધારી બેઠા.

રાવણે ક્રોધે ભરાઈ સેવકોને હનુમાનને પકડી લાવવા મોકલ્યા. તેઓ જાતજાતનાં આયુધો લઈને આવ્યા ત્યારે હનુમાને પોતાનું મોટું પુચ્છ ભોંય પર પછાડી ગર્જના કરી. 'અસ્ત્રધારી રામનો જય હો. લક્ષ્મણનો જય હો. હું રામનો દાસ, શત્રુઓનાં સૈન્યનો નાશ કરનાર પવનપુત્ર હનુમાન છું. સુગ્રીવના આદેશથી હજારો વાનરો સીતાને શોધવા આખી પૃથ્વીમાં ઘૂમી રહ્યા છે. આ લંકાનગરી, તમે રાક્ષસો કે રાવણ કોઈ નહિ બચે.'

હનુમાને સાત મંત્રીઓના પુત્રોને હણી નાખતાં રાવણના મનમાં ભય પેઠો. પાંચ સેનાપતિઓને મોટી સેનાને હનુમાનને પકડી લાવવા મોકલ્યા એ સર્વને હનુમાને નેશ્તનાબૂદ કરી દીધા. પછી રાવણપુત્રે તેના પર ત્રણ તીક્ષ્ણ તીર તાકી, ભારે શરવર્ષા આરંભી. હનુમાનનું મોં લોહીથી રંગાઈ, સૂર્યના જેવું લાલ થઈ ગયું. અક્ષના રથના આઠે અશ્વોને તેમણે મારી નાખ્યા. છેવટે હનુમાને તેના પગ પકડી, તેને જોરથી ઘુમાવ્યો અને ફેંક્યો, અક્ષના શરીરના ચૂરેચૂરા થઈ ગયા.

રાવણ અક્ષવધથી મૂઢ બની ગયો પણ પછી તરત સ્વસ્થ બની સૌથી મોટા પુત્ર ઈન્દ્રજિતને આજ્ઞા આપી. ચાર વિકરાળ સિંહ જોડેલા રથમાં બેસી તે નીકળ્યો. તેના બાણો નિષ્ફળ જતાં. બ્રહ્માસ્ત્રથી તેણે હનુમાનને બાંધી દીધા. રાક્ષસોએ તેમને મજબૂત દોરડાથી બાંધી લેતાં બ્રહ્માસ્ત્રનો પ્રભાવ ઊતરી ગયો.

### ॥ હનુમાન-રાવણ સામસામા ॥

રાક્ષસો તેને મારતા મારતા રાવણ પાસે લઈ ગયા. મંત્રી પ્રહસ્તે તેને કહ્યું; 'કપિ, તું બીશ નહિ, તું સાચું કહી દે તો તને મુક્ત કરી દેવામાં આવશે.' હનુમાને ઉત્તર આપ્યો : 'હું વાનર જ છું. મારી ઈચ્છાથી અહીં આવ્યો છું. મારે રાવણને જોવો હતો. હું રામનો દૂત છું. સુગ્રીવના આદેશથી અહીં આવ્યો છું. ત્રણે લોકમાં કોઈ એવું નથી જે રામનું અહિત કરીને સુખે રહી શકે. માટે તમારા ચિરંતન હિત માટે મારું વચન માની સીતા રામને પાછાં સોંપી દો.'

કષ્ટમય તપસાધના દ્વારા તમે જે ધર્મપુણ્યનો સંચય કર્યો છે તેનો નાશ કરવો ઉચિત નથી. હું દેવો, અસુરોથી પણ અવધ્ય છું. રામ મનુષ્ય છે અને સુગ્રીવ વાનરોના રાજા છે. માટે રાક્ષસરાજ, તમે કેવી રીતે તમારા પ્રાણ બચાવી શકશો ? તમારા ધર્મનું ફળ તમને મળી ચૂક્યું છે, હવે અધર્મનું ફળ ભોગવવું પડશે.

હું એકલો જ લંકાનો નાશ કરવા સમર્થ છું. પણ તેમ કરવાની મને રામની આજ્ઞા નથી. રામે પ્રતિજ્ઞા કરી છે કે તેઓ સીતાનું હરણ કરનારનો નાશ કરશે. તમે જેને બળપૂર્વક તમારા વશમાં રાખ્યાં છે તે સીતા સમગ્ર લંકાનો નાશ કરનારાં કાળરાત્રિ છે. માટે તમારું કુશળ વિચારો.

### ॥ વિભીષણની દરમ્યાનગીરી ॥

રાવણે અત્યંત ક્રોધથી ઉશ્કેરાઈ તેનો વધ કરવાની આજ્ઞા આપી ત્યારે વિભીષણે ભાઈને સમજાવ્યો : 'આ કપિનો વધ કરવો ધર્મ અને લોકવ્યવહારની વિરુદ્ધ છે. સત્પુરુષો દૂતના વધને અનુમોદન આપતા. દૂતને શિક્ષા કરવાની બીજી રીતો છે.'

### ॥ હનુમાન-પુચ્છ બાળ્યું ॥

રાવણને થયું કે વાનરોને તેમનું પુચ્છ સૌથી વધુ પ્રિય હોય છે. માટે હનુમાનનું પુચ્છ બાળી નાખી તેમને જવા દેવા. રાક્ષસોએ જૂના ગાભા લાવી હનુમાનની પુચ્છે વીંટ્યા તેના પર તેલ રેડી, આગ લગાડી. લંકાની શેરીઓમાં તેને ફેરવવા માંડ્યા. તે તકનો લાભ લઈ હનુમાને લંકાની શેરીઓ, ઊંચા આવાસોનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરવા માંડ્યું.



### ॥ લંકાદહન હનુમાનને બાળી ન શક્યું ॥

સીતા પાસે આ સમાચાર આવતાં તેણે હનુમાનના કુશળ માટે અગ્નિદેવને પ્રાર્થના કરતાં કહ્યું; 'જો મેં એકપતિવ્રત પાળ્યું હોય તો અગ્નિદેવ, તમે હનુમાન માટે શીતળ બની રહેજો.' સીતાની પ્રાર્થના સાંભળી, અગ્નિથી જ્યોત ઉગ્રને બદલે સૌમ્ય બની ગઈ, શાંત-સ્થિર બની ગઈ. હનુમાનને પણ આશ્ચર્ય થયું; 'આ પ્રજ્વલિત અગ્નિ મને બાળતો કેમ નથી ? મારા પુચ્છના અગ્રભાગે જાણે હિમ બાંધ્યું હોય એમ તે શીતળ લાગે છે.' રામ-સીતાની કૃપાનું રહસ્ય સમજાતાં જ તેઓ મોટી ગર્જના કરી કૂદ્યા અને શરીરને અત્યંત નાનું કરી નાખી બાંધેલા દોરડામાંથી નીકળી, પાછા મોટા થઈ ગયા. દરવાજામાંથી લોખંડની ભૂંગળ ખેંચી નાખી, ચોકી કરતા રાક્ષસોને મારી નાખ્યા.

પછી બળતા પુચ્છ સાથે નગરનાં એક પછી એક ભવનો ઉપર કૂદીને તેમને આગ લગાડવા લાગ્યા. આગ કાલાગ્નિની જેમ આખી લંકામાં ફરી વળી. આખી લંકાને બાળી નાખી હનુમાને સાગરતટે પુચ્છને જળમાં બોળી અગ્નિ શાંત કર્યો.

### ॥ શંકા સામે શુભ સંકેતો ॥

દૂરથી બળતી લંકાને જોઈ હનુમાનને ચિંતા થઈ કે, મેં આ શું કર્યું ? સીતાનું રક્ષણ કરવાની કાળજી કેમ ન રાખી ? જો સીતા નાશ પામ્યાં હશે તો રામ-લક્ષ્મણ જીવિત નહિ રહે. અને તો પછી શત્રુઘ્નસહિત ભરત જીવનનો ત્યાગ કરશે. ઈક્ષ્વાકુ વંશ નાશ થતાં સમગ્ર પ્રજા શોકમાં ડૂબી જશે. ક્રોધને વશ થઈ, હું સર્વનાશનો નિમિત્ત બન્યો.

આવી ચિંતા કરતા હનુમાનને શુભ સંકેતો થવા માંડ્યા. 'ના, સૌંદર્યવતી સીતા પોતાના તેજથી જ રક્ષિત છે, એ કલ્યાણમયીનો નાશ થઈ શકે જ નહિ. અગ્નિ અગ્નિને હાનિ ન કરી શકે.'

### ॥ નિશ્ચિંત હનુમાનની વિદાય ॥

ધર્માત્મા રામનાં અપ્રતિમ તેજવાળાં, પોતાના ચારિત્ર્યથી રક્ષિત સીતાને અગ્નિ સ્પર્શી ન શકે. આમ વિચારી, નિશ્ચિંત બની

હનુમાન અશોકવૃક્ષ પાસે ગયા. સીતાને કુશળ બેઠેલાં જોઈ, પ્રણામ કરી, વિદાય માગી.

સીતાએ આતુર દૃષ્ટિએ હનુમાનની સામે જોયા કરી કહ્યું; 'વાનરવીર, મને અહીંથી છોડાવી જવા માટે તમે પૂરતા છો. પરંતુ રામ પોતે અહીં આવીને એમનાં બાણો વડે લંકાનો નાશ કરી, મને લઈ જાય તે જ ઉચિત છે.'

હનુમાન ફરી સીતાને આશ્વાસન આપી, પ્રણામ કરી, ચાલી નીકળ્યા.

### ॥ કાર્ય સફળ કરી પાછા ફર્યા ॥

હનુમાને સમુદ્રતટે પર્વતના શિખર ઉપર ચડી પોતાનું શરીર વિસ્તાર્યું. 'મૈનાકનો સન્માનઅર્થે સ્પર્શ કરી ઉત્તર કિનારે મહેન્દ્ર પર્વતને જોઈ મોટો હર્ષનાદ કર્યો.' જામ્બવાને એ સાંભળી વાનરોને કહ્યું; 'નિઃશંક હનુમાન કાર્ય સફળ કરીને આવ્યા છે.' બધા વાનરો હર્ષમાં આવી પર્વતનાં શિખરો ઉપર કૂદાકૂદ કરવા લાગ્યા. હનુમાનને ઊંચે આકાશમાં જોતાં જ બધા હાથ જોડીને ઊભા રહ્યા. એ નીચે ઊતરતાં તેમને સૌ ઘેરી વળ્યા. ફળમૂળ લાવ્યા.

હનુમાને જામ્બવાન-અંગદને પ્રણામ કરી, 'મેં સીતાને જોયાં' એમ કહ્યું. હનુમાનને અભિનંદન આપતાં અંગદે કહ્યું; 'પરાક્રમ ને વીર્યમાં તમારા જેવો બીજો કોઈ વાનર નથી, જે વિશાળ સાગરને ઓળંગી પાછો આવી શકે. હવે રામ સીતાવિયોગના દુઃખનો ત્યાગ કરશે.'

પછી જામ્બવાનના પૂછવાથી હનુમાને લંકાનો સમગ્ર વૃત્તાંત વીગતે કહી સંભળાવ્યો. છેવટે કહ્યું; 'જે રાવણની સદંતર ઉપેક્ષા કરી, સતત રામનું જ ચિંતન કર્યા કરે છે, તેમને કેવી રીતે બચાવવાં તેનો હવે આપ સર્વે વિચાર કરો.'

અંગદ, હનુમાનસહિત બધા વાનરો મહેન્દ્ર પર્વત ઉપરથી ઊતરીને કિષ્કિંધા તરફ ઊડ્યા. હનુમાન સૌથી આગળ અને બીજા વાનરો તેમને અહોભાવથી જોતા તેમની પાછળ ઊડ્યા.

થોડા જ સમયમાં સુગ્રીવના નંદનવન સમા મધુવનની પાસે



આવ્યા. હનુમાને વાનરોને ઉત્સાહિત કરવા ખાવાં હોય એટલાં મધુફળ ખાવાનું કહ્યું. બધાંએ પેટ ભરીને મધુફળ ખાધાં, તેના રસથી મત્ત બની ગયા.

### ॥ સુગ્રીવનો રામને શુભ સંદેશ ॥

મધુવનનો મુખ્ય રક્ષક દધિમુખ વાનરોને રોકવા ગયો પણ મત્ત વાનરોએ તેને માર મારી, અધમૂઓ કરી નાખ્યો. બીજા રક્ષકો પણ કંઈ ન કરી શક્યા. તે સર્વે સુગ્રીવ પાસે ગયા. સુગ્રીવ રામ-લક્ષ્મણ પાસે બેઠો હતો. દધિમુખે આપેલો આખો વૃત્તાંત સુગ્રીવે વાનરોની ભાષામાં જણાવ્યો. પછી સુગ્રીવે લક્ષ્મણને કહ્યું; 'વનમાં વાનરોએ ઉપદ્રવ કર્યો છે તે ઉપરથી જણાય છે કે તેઓ કાર્ય સિદ્ધ કરીને આવ્યા છે. હનુમાનને નિઃશંક સીતાની ભાળ લાગી જ હોવી જોઈએ.' સુગ્રીવનાં કર્ણપ્રિય વચન સાંભળી, રામ-લક્ષ્મણને ખૂબ હર્ષ થયો.

સુગ્રીવે રામને કહ્યું; 'રામ, આપ હવે શોકનો ત્યાગ કરો. દેવી સીતા જડ્યાં છે. સીતા કુશળ છે. અને પતિવ્રતધર્મમાં દૃઢ છે.' રામે પ્રસન્ન થઈ, હનુમાન પાસેથી બધી વાતો વીગતે સાંભળી. તેમણે સીતાએ મોકલાવેલ ચૂડામણિ આપ્યો અને સંદેશો કહ્યો : 'આ ચૂડામણિ જોઈ તમને દુઃખમાં પણ હર્ષ થશે. હું હવે એક માસ સુધી જીવતી રહીશ. તે પછી હું જીવતી નહિ રહું.'

### ॥ રામનો પ્રતિભાવ ॥

રામ સીતાના સંદેશથી રડી પડ્યા, બોલ્યા. 'મારા સસરાજીએ આ મણિ સીતાને લગ્ન સમયે આપ્યો હતો. અને સીતાના માથે તે ખૂબ શોભતો. ઇન્દ્રે યજ્ઞમાં તૃપ્ત થઈને તે જનક રાજાને આપ્યો હતો. તે જોઈને સીતા પોતે મને મળી હોય તેવો આનંદ થાય છે.'

### ॥ હનુમાનમુખે સીતાસંદેશ ॥

'હનુમાન તમે ફરી કહો, સીતાએ તમને શું કહ્યું છે ? તરસ્યાને જળથી શાંતિ થાય તેમ તેનાં વચનરૂપી જળથી મને શાંતિ થાય છે. લક્ષ્મણ, હું સીતા વિના માત્ર આ મણિને જોઉં છું તેનાથી વધુ દુઃખદાયક બીજું શું હોય ? સીતા એક માસ જીવતી રહેશે તે

સમાચાર પણ મને શાંતિ આપવા પૂરતા નથી. હું તો તેના વિના એક ક્ષણ પણ જીવી શકું તેમ નથી. તું મને અત્યારે ને અત્યારે જ્યાં મારી પ્રિયા છે ત્યાં લઈજા. હું હવે એક ક્ષણનો પણ વિલંબ સહી શકું એમ નથી. હંમેશાં ભીરુ હૃદયની તે સતી ઘોર રાક્ષસોની વચ્ચે કેવી રીતે રહેતી હશે ? હનુમાન, સીતાએ શું કહ્યું તે તમે મને વીગતે કહો. રોગી દવાથી જીવે તેમ હું તેના સંદેશારૂપી અમૃતથી જીવતો રહીશ.'

રામને શાંતિ આપવા હનુમાને સીતા સાથેનો પોતાનો પૂરો સંવાદ કહી સંભળાવ્યો.

**॥ રામ-સીતા ઉભયને સાંત્વના ॥**

ચિત્રકૂટ પરના કાગડાનો પ્રસંગ કહીને, હનુમાને રામને સીતાનો પ્રશ્ન કહ્યો : 'મને પજવી રહેલા એ કાગડા ઉપર બ્રહ્માસ્ત્ર છોડનાર રામ મને રાક્ષસ પાસેથી કેમ છોડાવતા નથી ? ત્યારે હનુમાને કહેલું : 'તમારા વિયોગમાં રામ સર્વ વસ્તુઓથી વિમુખ થઈ ગયા છે.' આપના વિયોગે દુઃખી થઈ રહેલાં સીતા મારા પ્રેમભર્યા આશ્વાસનથી શાંતિ પામ્યાં હતાં.

આમ, રામ-સીતાના પરસ્પરના વિશ્વાસનો હનુમાન સેતુ બન્યા.

સ્વાભાવિક શ્રીરામે આ વાનરશ્રેષ્ઠને વરદાન માગવા કહ્યું, ત્યારે હનુમાને 'અવિરત ભક્તિ દો. જે અતિ સુખપ્રદ છે.' રઘુનાથે 'એવમસ્તુ' કહ્યું.

પછી કૃપાનિધિ રામ સાગરતીરે ગયા ત્યાં સર્વત્ર વિહરતા વાંદરાઓનાં ટોળાં જોયાં.

**॥ મંદોદરી-વિભીષણ તેમજ રાવણના દૂતની શીખ ॥**

આ બાજુ રાવણને મંદોદરીએ શીખ આપતાં કહ્યું, 'તમે સીતાને રાખ્યાં છે તેથી તમારું સ્વપ્ને પણ હિત નહિ થાય.' તેથી હરિના વિરોધને છોડી, રઘુપતિ સાથે પ્રેમ જોડો.

સિંધુતટે રાવણના દૂત આવ્યા એને પત્રિકા આપી. 'સીતાને



સુપ્રત કરી રઘુવરને મળ મૂઢ' વિભીષણે કહ્યું; શત્રુની બળ-બુદ્ધિનો તાગ મળી ગયો છે. હવે બડાઈનો-ગર્વનો માર્ગ રહ્યો જ નથી.

રાવણના દૂતે પણ 'રામનો વિરોધ છોડો એ સકળ જગતના સ્વામી છે તમારા પર પણ કોમળ કૃપા કરશે, અપરાધ હૃદયમાં નહિ રાખે, હવે સીતા સોંપવામાં વિલંબ ન કરો.' એમ ભારપૂર્વક કહ્યું. પણ કમભાગી અધમ રાવણ માન્યો જ નહિ. ટૂંકમાં રાવણનો નાશ નક્કી છે એવું ભવિષ્યનું ચિત્ર સ્પષ્ટ થયું.

**॥ સાગર પાર કરવાનો ઉપાય સાગરે જ દર્શાવ્યો ॥**

હવે રામની સેના સાગરને પાર કરે તો જ લંકાપુરીમાં પ્રવેશી શકે. રામે સાગરને પ્રાર્થના કરી, સાગરે તે ન ગણકારી. તેથી રામ અગ્નિબાણથી તેને સૂકવી નાખવા તત્પર થયા. સમુદ્રમાં જ્વાળાઓ ઊઠી, હાહાકાર મચ્યો. છેવટે તે બ્રાહ્મણસ્વરૂપે આવી બોલ્યો : 'નલ ને નીલને ઋષિના આશીર્વાદ છે. એમના સ્પર્શથી પ્રચંડ પર્વતો પણ સમુદ્ર પર તરશે. હું પણ સહાય કરીશ. તમે સેતુ બંધાવો.'

**॥ કથાનું સમાપન ॥**

આમ છેવટે સાગર રામને માર્ગ બતાવી, રામને પ્રણમી ભવને ગયો. 'રામને સાગરનો મત ગમ્યો' કહી, 'સુંદરકાંડ'ની કથા વિરમે છે.

પરંતુ હવે શ્રીરામ વિના વિલંબે 'સેતુનિર્માણ' કરી, લંકા જઈ, સીતાને લઈ આવશે એવી નિશ્ચિતતાની આબોહવા ઊભી થાય છે.

**॥ કથાની ફળશ્રુતિ ॥**

'રઘુનાયકનાં ગુણગાન સકળ સુમંગલદાયક છે.'

—'સુંદરકાંડ'ની આ સુંદર ફલશ્રુતિ ભક્તહૃદયોને પ્રસન્ન-પ્રસન્ન કરી રહે છે.

**—સંકલન**

# ॥ નામનો મહિમા ॥

સજ્જન તથા સંત બનવાની સાધનામાં પરમાત્માના નામનો ફાળો ઘણો મોટો છે. નામજપનો આધાર લેવાથી મનની શુદ્ધિ સધાય છે, એકાગ્રતામાં મદદ મળે છે. પરમાત્માનો પ્રેમ વધે છે, અને આખરે અભ્યાસની અભિવૃદ્ધિ થતાં નામ સાથે સંબંધ બંધાય છે. નામીનો સાક્ષાત્કાર સહજ બને છે. નામજપ જેવું સરળ, સરસ, સીધું, સચોટ સાધન બીજું કોઈ જ નથી. આધ્યાત્મિક ઉન્નતિની અભિલાષાવાળા સાધકોએ એનો આધાર લેવો જોઈએ. મન લાગે તો પણ અને ના લાગે તો પણ, આનંદ અનુભવાય તો પણ, અને ના અનુભવાય તો પણ, રસ પડે તો પણ અને ના પડે તો પણ નામજપ કરવાની ટેવ પાડવી જોઈએ. એ ટેવનું શુભ પરિણામ ધીમે ધીમે, અભ્યાસ વધશે તેમ તેમ દેખાતું જશે. અંદરના ને બહારના અંધકારને દૂર કરવા માટે નામ સંપૂર્ણ શક્તિશાળી છે. જેના મુખમાં ઈશ્વરનું નામ રહે છે એ અપવિત્ર નથી રહી શકતો. તુલસીદાસજી નામનો મહિમા ગાતાં સુંદર શબ્દોમાં જણાવે છે :

રામનામ મનિદીપ ધરુ જીહ દેહરીં દ્વાર.
તુલસી ભીતર બાહેરહું જૌં ચાહસિ ઉજિયાર.

વરસોથી નામ કે મંત્રનો આધાર લેનારા માનવો નિર્મળ જીવન ના જીવતા હોય તો તેમાં નામ કે મંત્રનો દોષ નથી પરંતુ તેમનો જ દોષ છે. નામ અથવા મંત્રની શક્તિ અપાર છે. એ સંજીવનીનું કામ કરે છે. એ શક્તિનો પ્રભાવ માનવ પર પડવો જ જોઈએ. માનવની કાયાપલટ થવી જોઈએ. હમણાં મને એક સાધકભાઈનો મેળાપ થયો. એમણે કહ્યું કે હું રોજ નિયમિત રીતે ગાયત્રી મંત્રના જપ કરું છું એથી ઘણો જ આનંદ થાય છે ને લાભ પહોંચે છે.

મેં પૂછ્યું કે કેવોક લાભ પહોંચે છે, તો તેમણે જણાવ્યું કે ધંધો સારો ચાલે છે. પૈસા આવ્યા જ કરે છે.



પરંતુ ગાયત્રીમંત્રનો આધાર પૈસા આવ્યા કરે એટલા માટે તો નથી લેવાનો. તમારું ફોટોગ્રાફર તરીકેનું કામ સારી રીતે ચાલે છે તે તો ઘણી સારી વાત છે અને તમને આનંદ આવે છે એ પણ સારું છે, પરંતુ થોડાક વધારે વિશુદ્ધ થઈને જપ કરો તો કેટલો વધારે આનંદ અનુભવાય છે તેની ખબર પડશે.

મારા શબ્દો સાંભળીને એમને આશ્ચર્ય થયું, મને ખબર હતી કે એ વરસોથી રોજ દારૂ તથા શરાબ પીએ છે, માંસાહાર કરે છે, ધૂમ્રપાન વિના એમને જરાપણ નથી ચાલતું, અને એમનો એમની ધર્મપત્ની સાથેનો વ્યવહાર સારો નથી રહેતો. મેં એમને જણાવ્યું કે, જે મુખમાં ગાયત્રીમંત્ર રાખો છો તે મુખમાં દારૂ, શરાબ, માંસ કેવી રીતે મૂકી શકો છો ? એમને ત્યાગીને મંત્રજપ કરો ને જૂઓ કે એના પરિણામે કેટલો બધો અનેરો લાભ પહોંચે છે !

મારી વાત એ ભાઈને કેવી લાગી તે તો તે જ જાણે, પરંતુ એમને સુધરવાની એટલી બધી ઉત્કટ ઈચ્છા ન હતી. માણસ પોતે જ જો સુધરવા માગતો ના હોય તો એને સંસારની કયી શક્તિ સુધારી શકે તેમ છે ?

એવો જ પરંતુ એના કરતાં જરાક જુદો એક બીજો પ્રસંગ મહાશિવરાત્રીની પહેલાં બન્યો, સૌરાષ્ટ્રની પુણ્યભૂમિમાં મારો પ્રવાસ ચાલી રહેલો ત્યારે મારી સાથે પ્રવાસમાં જે ભાઈ જોડાયેલા તેમની પત્ની દ્વારા મને જાણવા મળ્યું કે તે ધ્યાન, જપ, સત્સંગ, સ્વાધ્યાય બધું સારીપેઠે કરે છે. અને સાથેસાથે ધૂમ્રપાન પણ કરે છે. મેં એ ભાઈને ધૂમ્રપાન છોડી દેવા જણાવ્યું ને કહ્યું કે તમે શ્રીજી મહારાજના કટ્ટર ભક્ત છો. તમારાથી ધૂમ્રપાન થઈ જ ના શકે. જે હોઠ પર શ્રીજી મહારાજનું મધુરમંગલ નામ રહે છે એના પર સિગારેટ શી રીતે રાખો છો ?

એમણે ખેદપૂર્વક જણાવ્યું કે સિગારેટ પીવાનું મને પણ પસંદ તો નથી જ, પરંતુ મારાથી એ છૂટતી નથી એને છોડી દઉં તો માથું દુખે અને કોઈપણ કામ ના થાય.

મેં કહ્યું તમે, શ્રીજી મહારાજમાં વિશ્વાસ રાખીને છોડી તો જુઓ. અત્યારે છોડી દેશો તો કોઈ પ્રકારની તકલીફ નહિ થાય.

અત્યારે છોડી દઉં ?

હા. અત્યારે જ.

એમણે શ્રીજી મહારાજનું નામ લઈને સિગારેટના બંડલને નાખી દીધું અને પછી મોટરમાં મારી સાથે આગળનો પ્રવાસ આરંભ્યો એ પછી એમણે ધૂમ્રપાન કર્યું જ નહિ.

બે દિવસ પછી એમના સંબંધમાં એક બીજી હકીકત જાણવા મળી. રોજ રાતે સૂતા પહેલાં એમને બે ગોળીઓ ખાવી પડતી. ત્યારે જ એમને થોડી ઘણી ઊંઘ આવતી. મેં એમને એ સંબંધી પૂછ્યું તો એમણે સ્પષ્ટીકરણ કર્યું કે ગોળી તો મારું જીવન છે. એના વિના મારાથી રહી જ ના શકાય.

મેં કહ્યું બીજાં બધાં જ વ્યસન વિના રહેવાય પરંતુ શ્રીજી મહારાજના નામ વિના ના રહેવાય. તમે એમની પ્રાર્થના અને એમનું સ્મરણ કરતાં સૂઈ જાવ તો નિંદ્રા અવશ્ય આવી જશે. એમની શક્તિ અનંત છે. આજથી ગોળી લેવાનું છોડી દઈને મારી સાથે છો ત્યાંસુધી રોજ મારી પાસેથી ભગવાનનો પ્રસાદ લેતા રહેજો. તેથી લાભ થશે. જે ભગવાનનું સાચા દિલથી શરણ લે એને શી મુસીબત હોય ? એમના નામમાં અસીમ શક્તિ છે. એનું સ્નેહપૂર્વક સ્મરણ કરો.

એ ભાઈએ ઘેનની ગોળીઓને છોડી દીધી. એજ રાતથી એમનો અનિંદ્રાનો વ્યાધિ ટળી ગયો. એમને રોજ સુખપૂર્વક ઊંઘ આવવા લાગી. એમને એમની ત્રુટિ સાલતી હતી એને દૂર કરવાની એમની આકાંક્ષા પણ હતી. એટલે એમને લાભ પહોંચ્યો. એમનું જીવન નિર્મળ બન્યું, અને એ વધારે શ્રદ્ધાભક્તિ તથા પ્રીતિપૂર્વક ઈશ્વર સ્મરણ કરવા લાગ્યા.

**–શ્રી યોગેશ્વરજી**



# ॥ રામનામનો મહિમા ॥

રામના મંગલમય મહિમાને ગાતાં કે વર્ણવતાં સંતશિરોમણિ તુલસીદાસજી થાકતા કે ધરાતા નથી. સરળ, સુમધુર, સારવાહી, સ્વાનુભવપૂર્ણ શબ્દોમાં એ એને આલેખે છે અને જનસાધારણના અંતરમાં નામ પ્રત્યેના પવિત્ર પ્રેમનાં બી વાવે છે. એમનું વર્ણન સૌ કોઈને ભાવવિભોર કરે છે, ગદ્‌ગદ્ બનાવે છે, ને પારવિનાની પારમાર્થિક પ્રેરણા ધરે છે.

રામ એક તાપસ તિય તારી,
નામ કોટિ ખલ કુમતિ સુધારી.

રામનું નામ તો સ્વયં રામથી પણ વધી જાય છે. રામે તો પોતાના સુધાસભર સંજીવનસ્પર્શથી એક જ અહલ્યાનો ઉદ્ધાર કર્યો પરંતુ નામનો પુણ્યપ્રભાવ તો જુઓ. એણે કરોડો, અનેક અધર્મોનો, દુર્બુદ્ધિગ્રસ્ત માનવોનો સુધાર તથા ઉદ્ધાર કર્યો છે, સીતાના સ્વયંવરમાં શંકર ભગવાનના ધનુષ્યનો ભંગ રામે પોતે કર્યો, પરંતુ એમના નામસ્મરણથી તો અનેકને આ ભયાનક ભવાટવીના ભયમાંથી મુક્તિ મળી. રામે દંડકારણ્યમાં પ્રવેશીને એને શોભા ધરી. રામના નામે અનેક આરાધકોના દિલરૂપી દંડકારણ્યને પવિત્ર, દુઃખદર્દરહિત અને દૈવી બનાવ્યાં. રામે રાક્ષસોનો સંહાર કરી નાખ્યો. તો નામે ઘોર કરાળ કળિકાળના અસંખ્ય અપરાધોનો. દુર્ગુણોનો ને દોષોનો અંત આણ્યો. રામ તો રાક્ષસોનો સંહાર કરીને વિદાય થયા, એમણે એમની અલૌકિક લીલાને સંકેલી લીધી, પરંતુ નામની રહસ્યલીલા તો આજે પણ ચાલુ છે ને ભવિષ્યમાં પણ ચાલુ રહેશે. એ અનેક આત્માઓનું કલ્યાણ કરશે. રામને વાનરસેનાની સહાયતાથી સમુદ્ર પર સેતુનું નિર્માણ કરવામાં ઓછી મહેનત નહોતી કરવી પડી એ ઈતિહાસ સૌને સુવિદિત છે. પરંતુ નામના વિશિષ્ટ મહિમાને તો વિચારો. એનો આધાર લેવાથી સંસારસિંધુ સહેલાઈથી અને આપોઆપ સુકાઈ જાય છે. રાવણનો કુળસહિત નાશ કરીને રામે સીતા સાથે અયોધ્યામાં આવીને રાજ્યશાસનને સંભાળ્યું. નામસ્મરણદ્વારા રાવણથી પણ વધારે શક્તિશાળી મદ તથા મોહના

પરિવારને પરાજીત કરીને શરણાગત ભક્તો શાંતિથી સંપન્ન બનીને આત્માનંદને અનુભવે છે. એમને સ્વપ્નેપણ શોક, મોહ કે સંતાપનો અનુભવ નથી થતો.

નામની એક અત્યંત અગત્યની વિશેષતા તો એ છે કે નામીને એનાથી આકર્ષાઈને કે ખેંચાઈને એની પાછળપાછળ પહોંચવું પડે છે નામ નામીનો મેળાપ કરાવે છે. જે ભગવાનનો સાક્ષાત્કાર મોટામોટા યોગી તથા તપસ્વીને પણ મહામહેનતે થઈ શકે છે તે ભગવાન નેહપૂર્વક નામજપ કરનારા ભક્તોની આગળ એટલા જ પ્રેમપૂર્વક અને સહેલાઈથી પ્રકટે છે. નામ સંતપ્ત અંતરાત્માને શાંતિ આપે છે. મૃતઃપ્રાયને જીવન બક્ષે છે પ્રેમપૂર્વકનું નામસ્મરણ કલ્પવૃક્ષનું કામ કરે છે. આર્તને આરામ અર્પે છે ને સકળ મનોરથ પૂર્ણ કરે છે. ભગવાનની શ્રદ્ધાભક્તિને ને સમર્પણભાવને ક્રમશઃ વધારે છે ને નરને નારાયણ બનાવે છે.

તુલસીદાસજી ત્યાંસુધી કહે છે કે ભાવે-કુભાવે, આળસપૂર્વક કે આળસ વગર, નામજપ કરવાથી દસે દિશાઓ કલ્યાણકારક થઈ જાય છે. સાધકનું કદીપણ અમંગળ નથી થતું. એને સર્વપ્રકારે સફળતા સાંપડે છે.

|| ભાયઁ કુભાયઁ અનખ આલસહૂઁ ||<br>
|| નામ જપત મંગલ દિસિ દસહૂઁ. ||

સાચું છું. એ વચની વાસ્તવિકતાનો સ્વાનુભવ સૌકોઈ કરી શકે છે. મુંબઈમાં માધવબાગમાં મારા પ્રવચનો ચાલતાં હતાં ત્યારે એક સત્સંગી ભાઈ મને ને માતાજીને ત્યાં પોતાની મોટરમાં લઈ જતા'તા. પહેલે જ દિવસે તેમણે મોટરને દરવાજાની બહાર ઊભી રાખી અને કહ્યું કે ચોકીદાર મોટરને અંદર નહિ લઈ જવા દે એટલે રોજ બહાર જ ઊભી રાખવી પડશે, અને બહાર મોટરોની લાઈન લાગે છે તેથી પાર્કીંગની મુશ્કેલી છે. મેં તેમને જણાવ્યું કે કાલથી મોટરને અંદર જ લઈ લેજો અને અંદર જ એક તરફ ઊભી રાખજો.

'પરંતુ ચોકીદાર મોટરને અંદર નહિ લઈ જવા દે. અટકાવશે. એમણે શંકા રજૂ કરી.'

મેં કહ્યું : 'નહિ અટકાવે. તમે ઈશ્વરના નામની જોરથી પ્રેમપૂર્વક



જય બોલાવતાં દરવાજામાં પ્રવેશજો એટલે ચોકીદાર કાંઈ જ કરી નહિ શકે. ઈશ્વરના નામમાં ઘણીઘણી શક્તિ સમાયેલી છે. તમે તો સત્સંગી, ભગવદ્ભક્ત તથા ભજનપ્રેમી છો, કાલથી એમના નામનું સંકીર્તન કરતાં અંદર ચાલ્યા જજો.'

'પરંતુ ચોકીદાર અટકાવે તો ?'

'નહિ અટકાવે. ભગવાનના નામસ્મરણથી બધા જ માર્ગ મોકળા બની જશે.'

બીજે દિવસે મોટર માધવબાગના દરવાજા પાસે આવી એટલે ચોકીદાર એને અંદર પ્રવેશતી અટકાવવા આવ્યો. મેં પેલા સત્સંગીભાઈને ભગવાનના નામસ્મરણ અને જય જયકાર સાથે મોટરને કોઈપણ પ્રકારના ભય કે સંકોચ સિવાય અંદર લઈ લેવા જણાવ્યું. તેમણે એ પ્રમાણે મોટરને અંદર લીધી. ભગવાનનો જયજયકાર સાંભળીને ચોકીદારે અમને અટકાવવાને બદલે પ્રેમથી પ્રણામ કર્યા, અને મોટર છેક અંદર જઈને ઊભી રહી. પેલા સત્સંગીભાઈને એ નિહાળીને નવાઈ લાગી. મેં એમને જણાવ્યું કે ભગવાનના નામથી અને એમના અનુગ્રહના પ્રભાવથી સર્વકાંઈ થઈ શકે છે. મુક્તિના મંગલમય પ્રવેશદ્વારમાં પ્રવેશી શકાય છે તો આ તો સામાન્ય પ્રવેશદ્વાર છે.

પછી તો પ્રવચન ચાલ્યાં ત્યાંસુધી રોજ સાંજે એ ભાઈ મોટરને એવી જ રીતે અંદર લઈ ગયા.

ભગવાનના નામની શક્તિ અદ્ભુત છે. એનો લાભ લેતાં સર્વ પ્રકારની ચિંતા, ભીતિ તથા મુસીબત મટી જાય છે, શાંતિ મળે છે, અને ભગવાનની સાથે સંબંધ બંધાતાં એમના અલૌકિક અનુગ્રહથી જીવન ધન્ય, સફળ તેમજ સાર્થક બને છે. છતાં પણ માનવ દુઃખી બને છે અને ભગવાનનું નામ નથી લેતો એ આશ્ચર્યકારક છે જે પોતાના સનાતન સાથી છે, પરમ હિતેચ્છુ છે, અને પોતાને નિઃસ્વાર્થભાવે, નિષ્કપટ રીતે મદદરૂપ બનવા તૈયાર છે, તેને એ ભૂલી જાય છે એથી અધિક દુર્ભાગ્ય બીજું કયું હોઈ શકે ? પોતાના જીવનનું શ્રેય સાધવા માગનારે ભગવાનનો, એમના નામજપનો, અને એમની લીલાઓના ચિંતનમનનનો પ્રેમ જગાવતાં શીખવું જોઈએ.

**–શ્રી યોગેશ્વરજી**

## ॥ રામકથા : વક્તા તથા શ્રોતાનો સુભગ સંયોગ ॥

રામકથા અતિશય ગૂઢ છે. રહસ્યથી ભરપૂર છે. તેના વક્તા તથા શ્રોતા અસાધારણ યોગ્યતાથી સંપન્ન, રામના પવિત્ર પ્રેમથી પરિપ્લાવિત અને રામકથામાં રસ લેનારા હોવા જોઈએ. સાધારણ સભારંજની વૃત્તિ તથા પ્રવૃત્તિવાળા વક્તા રામની રહસ્યમય જીવનકથાને ન્યાય નહિ કરી શકે. એના મનમાં રામચરિતને વાંચી-વિચારી-વર્ણવીને ભાતભાતની શંકાઓ પેદા થશે. રામકથાનો વક્તા કેવળ જ્ઞાની હોય એટલું જ પૂરતું નથી, પ્રેમી પણ હોવો જોઈએ. પ્રેમી હોવાની સાથેસાથે ઓછાવત્તા પ્રમાણમાં અનુભવી અને રામદ્વારા અનુગ્રહિત હોવો જોઈએ. એના વક્તૃત્વની પાછળ કોઈ લૌકિક લાલસા કે તૃષ્ણા ના હોવી જોઈએ. રામ પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને, અખંડ શ્રદ્ધાભક્તિથી અલંકૃત બનીને, સ્વાભાવિક રીતે જ એ રામકથા કરતો હોવો જોઈએ. એ સાદાઈ, સમજણ તથા સંયમથી સંપન્ન જોઈએ રામકથાને અર્થોપાર્જન અથવા અંગત પ્રતિષ્ઠા-પ્રાપ્તિની વ્યાપારી દૃષ્ટિથી દેખવાની કુટેવમાંથી એણે મુક્તિ મેળવવી જોઈએ. એનું પ્રયોજન પરમકૃપાળુ પરમાત્માની પ્રેમભક્તિની, જીવનની વિશુદ્ધિની ને પરમાત્માની પ્રાપ્તિનું હોવું જોઈએ. તોજ એના શ્રીમુખમાંથી સંભળાતી કથા સફળ થાય. સામાન્ય વક્તાની વાણી વદનમાંથી નીકળે છે, અસામાન્ય વક્તા મન તથા બુદ્ધિની મદદથી બોલે છે. પરંતુ ઉચ્ચકોટિના, આદર્શ વિરલ વક્તાનું અંતર બોલે છે, સમગ્ર વ્યક્તિત્વ બોલે છે. રોમરોમ બોલે છે, અને એની સ્વાનુભૂતિ બોલે છે. શ્રોતા પણ એવી રીતે આદર્શ હોવો જોઈએ. એ શ્રવણ કરવા માટે જ શ્રવણ કરતો ના હોય પરંતુ જીવનના વ્યક્તિગત વિકાસ માટે એનો આધાર લેતો હોય. એના શ્રવણ પાછળ પ્રેમ હોય, ઉત્સાહ હોય, શ્રદ્ધાભક્તિ હોય, વિશુદ્ધ સાચી જિજ્ઞાસા હોય, અને કદીપણ ના કરમાનારી રસવૃત્તિ હોય. એ કેવળ કાનથી શ્રવણ કરતો ના હોય મનથી પણ સાંભળતો ના હોય; એના આત્માનું પ્રત્યેક અણુ-પરમાણુ એકાગ્ર



બનીને શ્રવણની સુખકારક શાંતિદાયક શ્રેયસ્કર સાધના કરી રહ્યું હોય. શ્રવણ સાથે મનન, મનન સાથે નિદિધ્યાસન અને નિદિધ્યાસન સાથે સ્વાનુભવનો સંબંધ એને સારું સહજ બન્યો હોય. એ શોખને ખાતર, પરંપરાના પાલન માટે, દેખાદેખી કે પ્રલોભન અથવા ભયથી પ્રેરાઈને ના સાંભળતો હોય. કાનને પવિત્ર કરવા માટે નહિ પરંતુ સમસ્ત જીવનને પવિત્ર અને પ્રભુમય બનાવવા માટે સાંભળતો હોય. પૂર્વગ્રહથી મુક્ત બનીને, ગ્રહણશીલ થઈને ખુલ્લા દિલથી શ્રવણનો આધાર લેતો હોય. લૌકિક લાભને માટે શ્રવણ કરે તે શ્રોતાને સામાન્ય શ્રોતા કહેવાય, અને જે અલૌકિક લાભને માટે, આત્મિક અભ્યુત્થાનને લક્ષમાં લઈને પરમાત્માની પરમકૃપા પામવા તથા પ્રાપ્તિ કરવાના પ્રમુખ પ્રયોજનથી પ્રેરાઈને કથાશ્રવણ કરે તે અસામાન્ય અથવા આદર્શ શ્રોતા કહેવાય. એવા શ્રોતા અને વક્તા દુર્લભ છે. એમનો સુભગ સંયોગ થાય તો જીવનની પરમ ધન્યતાના પવિત્રતમ તીર્થના નિર્માણમાં વિલંબ ના લાગે.

રામકથાનો સાચો રસ રામની કૃપાથી જ પ્રકટી શકે. રામકથાના ઓછાવત્તા રહસ્યને સમજી શકાય પણ શ્રીરામની, સીતામાતાની અને એમના એકનિષ્ઠ પરમભાવમય ભક્ત હનુમાનની કૃપાથી જ. મનુષ્યની સામાન્ય સીમિત બુદ્ધિ કેવી રીતે ને કેટલુંક સમજી શકે ? સમજાવી શકે પણ કેટલું ? રામકથા કલિયુગના દોષોને દૂર કરે છે. પૃથ્વી પર પ્રકટેલી પ્રેમગંગા છે. એના સ્નાનપાનથી પ્રાણ પુલકિત તથા પાવન બને છે. એની અંદર સર્વનું સર્વવિધ કલ્યાણ કરનારી શાશ્વત શક્તિ છે. એનો જેટલો પણ લાભ લેવાય એટલો ઓછો છે. એને મંદાકિની કહો, સમુદ્રમંથનમાંથી પ્રકટેલી લક્ષ્મીનું નામ આપો, કામધેનુની સાથે સરખાવો કે માતા પાર્વતીસરખી સર્વે સિદ્ધિની ને સુખસંપત્તિની સ્વામિની કહો, બધું એક જ છે. એ પરમ પવિત્ર છે ને પવિત્ર કરનારી છે. ચિંતામણિ મેળવનારની દરિદ્રતા દૂર થાય તેમ સર્વ પ્રકારની દરિદ્રતામાંથી મુક્તિ આપનારી છે. શોકસંતાપને શમાવનારી છે. સર્વે સુકૃતથી સંપન્ન બનાવનારી છે. કલિયુગના દંભ, કપટ, પાખંડને મટાડનારી છે. ભવરોગની, અવિદ્યાની,

અમોઘ આશીર્વાદરૂપ ઔષધિ છે.

એનું આલેખન પોતે ક્યારે આરંભ્યું તે વિશે તુલસીદાસજી બાલકાંડમાં કહી બતાવે છે કે

સંવત સોરહસૈ એકતીયા
કરઉ કથા હરિપદ ધરિ સીસા.
નૌમી ભૌમ બાર મધુ માસા
અવધપુરી યહ ચરિત પ્રકાશા.

★

સબ બિધિ પુરી મનોહર જાની
સકલ સિદ્ધિપ્રદ મંગલ બાની.
વિમલ કથાકર કીન્હ અરંભા
સુનત નધ્યાહિં કામ મદ દંભા.
રામચરિતમાનસ એહિ નામા
સુનત શ્રવન પાવઈ વિશ્રામા.
મન કરિ વિષય અનલ બન જરઈ
હોઈ સુખી જૌં એહિં સર પરઈ.

અર્થાત્ સંવત ૧૬૭૧માં જે દિવસે વિખ્યાત રામજન્મનો મંગલ મહોત્સવ થાય છે તે રામનવમીના પવિત્ર પર્વદિવસે અયોધ્યાપુરીમાં એને સર્વપ્રકારે સુંદર, મંગલ તથા સિદ્ધિપ્રદાયિકા સમજીને, આ પવિત્ર કથાનો પ્રારંભ કર્યો. એનું નામ રામચરિતમાનસ રાખ્યું છે. એને સાંભળવાથી તન, મન, અંતરને આરામ મળે છે. મદ, દંભ તથા કામ દૂર થાય છે, મનના વિવિધ વિષયોના દાવાનલ શાંત થાય છે. રામચરિતમાનસના આ સરસ સરોવરમાં સ્નાન કરવાથી સર્વપ્રકારે, સર્વકાળે ને સ્થળે સુખી થવાય છે.

જેને રામ તથા રામકથા પર પ્રીતિ હશે એને જ એનો આસ્વાદ લેવાની ઈચ્છા થશે. વિષયોની રસવૃત્તિ તથા આસક્તિવાળા એનાથી દૂર રહેશે. કથાશ્રવણનો પ્રેમ અથવા અનુરાગ સર્વોત્તમ પ્રકારના સંસ્કારો ~~સિવાય નથી ટકી શકતો.~~

—શ્રી યોગેશ્વરજી



## ॥ રામ એટલે દૈવી અને રાવણ એટલે આસુરી ॥

રામાયણમાં રામ અને રાવણ બંનેનું આલેખન કરવામાં આવ્યું છે. રામ પ્રેમની તો રાવણ દ્વેષની, રામ નિરભિમાન તથા નમ્રતાની તો રાવણ મિથ્યાભિમાન અને મદની, રામ પવિત્રતાની તો રાવણ અપવિત્રતાની, રામ સદાચારની તો રાવણ દુરાચારની, રામ સત્યની તો રાવણ અસત્યની, અને રામ નિષ્કપટતાની તો રાવણ છળકપટની મૂર્તિ છે. રામ નીતિ કે ધર્મની પ્રસ્થાપિત પરંપરાગત પવિત્ર મર્યાદમાં રહીને મર્યાદા પુરુષોત્તમ તરીકે જીવે છે તો રાવણ નીતિ તથા ધર્મની પંરપરાઓને તોડી કે તિલાંજલિ આપીને અમર્યાદ અસુરની પેઠે શ્વાસ લે છે. રામનું જીવન બીજાને અભય આપનારું તેમજ સુખશાંતિથી પહોંચાડનારું છે તો રાવણનું જીવન બીજાને ભયભીત કરનારું તેમજ સુખશાંતિથી વંચિત બનાવનારું છે. બંને વચ્ચે આકાશપાતાળ જેટલું મોટું અંતર છે. એમના વિરોધાભાસી વ્યક્તિત્વનો વિચાર કરીને માનવે નક્કી કરવાનું છે કે પોતે શું બનવું છે-રામ કે રાવણ ? રામ બનીને સુખી થવું છે ને બીજાને સુખ ધરવું છે કે રાવણ બનીને દુઃખી થવાની ને બરબાદ બનવાની સાથે બીજાને પણ દુઃખી કરવા છે ને બરબાદ બનાવવા છે ? રામાયણની સાચી ફળશ્રુતિ, મહત્ત્વની જીવનોપયોગી શિક્ષાદીક્ષા એજ છે કે માનવ રાવણ બનવાને બદલે રામ બનવાનો સંકલ્પ કરે; રાવણને બદલે રામની દિશામાં આગળ વધે. રામ એટલે દૈવી સંપત્તિ અને રાવણ એટલે આસુરી સંપત્તિ. માનવે આસુરી સંપત્તિનો અંત આણવાની

કોશિશ કરીને દૈવી સંપત્તિની મૂર્તિ બનવા માટે કટિબદ્ધ બનવું જોઈએ. જ્યાં શ્વાસ લેવાનું સાંપડે ત્યાં અંદરબહાર બધે જ સુખશાંતિ તથા સમુન્નતિના સ્વર્ગનું સર્જન કરવું જોઈએ. રામાયણ એને માટેની પ્રેરણા પૂરી પાડે છે.

મહર્ષિ વાલ્મીકિએ પોતાના રામાયણમાં એના માહાત્મ્ય કે ફળશ્રુતિ વિશે નથી લખ્યું, પરંતુ સ્કંદપુરાણમાં એનો ઉલ્લેખ કરેલો છે સ્કંદપુરાણ ઉત્તરખંડમાં દેવર્ષિ નારદ અને સનત્કુમારના સંવાદરૂપે વાલ્મીકિરામાયણના માહાત્મ્યના પાંચ અધ્યાયો આવે છે. માહાત્મ્યના રસિયા જનો એ અધ્યાયોનું અધ્યયન કરી શકે છે. એમાં જણાવ્યું છે કે,—

"રામાયણ ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું સાધન હોવાની સાથેસાથે અલૌકિક અમૃતરૂપ છે. એનું શ્રવણ સદા ભક્તિભાવથી કરવું જોઈએ." જે રામચંદ્રજીના ઉત્તમ મંગલમય ચરિત્રનું શ્રવણ કરે છે તે આ લોકમાં અને પરલોકમાં પણ પોતાની સર્વ પ્રકારની ઉત્તમ કામનાઓને પૂરી કરે છે.

"મનુષ્ય રામાયણનું સુચારુરૂપે શ્રવણ નથી કરતો ત્યાં સુધી જ એના શરીરમાં પાપ રહી શકે છે. ભયંકર કલિકાળમાં રામનામનો આધાર લેનારને કલિયુગ ક્લેશ કે વિક્ષેપ નથી પહોંચાડી શકતો."

"જે મનુષ્ય સદા ભક્તિભાવે રામાયણને સાંભળે છે કે વાંચે છે એને ગંગાસ્નાન કરતાં સો ગણા પુણ્યની પ્રાપ્તિ થાય છે."

**—શ્રી યોગેશ્વરજી**

**(શ્રી રામકથામૃત)**



# ॥ રામનવમીનો મહિમા ॥

રામનવમી રામના પાર્થિવ પૃથ્વી પરના પરમપવિત્ર પ્રાકટ્યનો પર્વદિન છે. વરસો પહેલાં એમનો પ્રાદુર્ભાવ પીડાગ્રસ્ત પૃથ્વીના પ્રાણને પ્રશાંતિ પ્રદાન કરવા માટે થયેલો. રામનવમીના પર્વ દિવસે એમની સ્મૃતિ સજીવ બને છે, જનતા ઉત્સવ કરે છે, મંદિરોમાં મંગલ આરતી, પૂજા, આરાધના થાય છે. કહેવામાં આવે છે કે તે દિવસે બપોરે બાર વાગે રામજન્મ થાય છે. પરંતુ એ હકીકત સાચી છે ? શું સાચેસાચ રામજન્મ થાય છે ? બહારના રામજન્મની વાત હું નથી કરતો, હું તો મંદિરના રામજન્મની વાત કરું છું. અંતરની અયોધ્યા છે—એમાં રામજન્મ થયો છે કે થાય છે ? ત્યાં કોનું શાસન ચાલે છે ? રામનું કે રાવણનું ? એ જીવન ધર્મપરાયણ હશે, નીતિ, ન્યાય, શુદ્ધિ, સંયમ, સદ્‌ગુણ સાત્ત્વિકત્વ સેવાની મર્યાદામાં રહીને ચાલતું હશે, રામમય બનતું હશે, તો તો રામનો જન્મોત્સવ મનાશે, એથી ઊલટું, જીવનમાં દુર્ગુણ, આસુરી સંપત્તિ, અધર્મ-અનાચાર વધતાં જતાં હશે, પરધનને પથ્થર માનવાની ને પરસ્રીને માતા સમજવાની સદ્‌વૃત્તિનો નાશ થયો હશે તો રાવણનો જન્મ થઈ ચૂક્યો છે એવું નિશ્ચયાત્મક રીતે સમજી લેવું. રામ જે કંઈ શુભ, સત્ અને મંગલ છે એના અને રાવણ અશુભ અસત્ અને અમંગલના પ્રતીક છે. જીવનમાં ને જગતમાં રામની પ્રતિષ્ઠા થાય છે, રામ વધે છે, ત્યારે જીવન ને જગત સુખશાંતિથી સંપન્ન, સમૃદ્ધ તથા શક્તિશાળી બને છે ને રાવણત્વ અથવા રાવણોની સંખ્યા વધે છે ત્યારે જીવન ને જગત દુ:ખી,

દીન, દાંભિક દાવાનળથી દગ્ધ બની બેસે છે. દર વર્ષે રામનવમીને દિવસે મંદિરોમાં અને ભાવિકોનાં સદનોમાં રામજન્મ થાય છે તેમ અંતરમાં-અણુએ અણુમાં, વિચારવૃત્તિ-વર્તનમાં પણ રામજન્મ થતો હોત ને રાવણના નાશનો નિશ્ચય બળવાન બનતો હોત તો ! સમાજને કેટલો બધો લાભ થાત ! હજુ પણ કશું મોડું થયું નથી ને થયું હોય તોપણ વધારે મોડું કરવાનું કારણ નથી.

રામનું જીવન આપણને શું શીખવે છે ? સત્યનો પ્રેમ, નિઃસ્વાર્થસેવા, નિર્વેરવૃત્તિ, પવિત્રતા, સમાજને પીડી રહેલાં અશાંત કરનારાં આસુરી પરિબળોનો પ્રતિકાર, શુભની સુરક્ષા, અશુભનો-અધર્મનો મુકાબલો, વિલાસ નહીં પણ સંયમ, લોભ નહીં પણ ત્યાગ, રાગ નહીં પણ અનાસક્તિ, દીનદુઃખી પદદલિત પછાત પ્રત્યે સહાનુભૂતિ. રામનું જીવન શીખવે છે કે જીવન કેવળ વ્યક્તિગત સુખશાંતિ, સમુન્નતિ, સિદ્ધિ કે મુક્તિને માટે જ નથી, અન્યની ઉત્ક્રાંતિ, સુખશાંતિ, સમુન્નતિ ને સિદ્ધિ-મુક્તિ માટે પણ છે. એનો ઉપયોગ એટલા માટે પણ થવો જોઈએ. રામનું જીવન કર્તવ્યના પંથ પર પ્રયાણ કરવાનો અને આવશ્યકતા હોય તો એને ખાતર ફના થવાનો પદાર્થપાઠ પૂરો પાડે છે. રામનું જીવન શીખવે છે કે જીવન બીજાને માટે મંગલમહોત્સવરૂપ, સુખસ્મૃતિરૂપ, અલૌકિક અમોઘ આશીર્વાદરૂપ બનવું જોઈએ; અભિશાપરૂપ ના થવું જોઈએ, અથવા વિસ્મૃતિને-અવજ્ઞાને પાત્ર ના થવું જોઈએ. રામનું જીવન શું શું સારું શ્રેયસ્કર નથી શીખવતું ?

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ 'સ્વર્ગારોહણ'માં ચૈત્રી નવરાત્રિપર્વ ॥

## ॥ દુર્ગાષ્ટમી ॥

'સ્વર્ગારોહણ' તીર્થમાં નવરાત્રિ ખૂબ સરસ રીતે ચાલી રહી છે. આજે સ્વયં શ્રી શ્રી 'મા' અહીં બિરાજે છે એટલે ભક્તોનો એક ભાવ છે. એ જગદંબાનું પૂજન, અર્ચન, પ્રણામ કંઈક વિશેષ રીતે થાય. બાળકોના આ ભાવનો પૂ.શ્રી'મા' સ્વીકાર કરે છે અને સવારે ૯.૩૦ વાગે આ કાર્યક્રમ શરૂ થાય છે. શ્રી શ્રી 'મા' પધારે છે ત્યારે સહુ બાળકો ઊભા થઈ સન્માને છે.

પૂ.'મા' : બાર કલાક ઊભા ઊભા જપ કરો તો ઊંઘ ના આવે ?

સત્સંગની બેઠકમાં આજે વંચાય છે. યોગેશ્વર કથામૃત ૫-૪-૧૯૮૧ ગુડી પડવો વડોદરા.

પૂ.શ્રી ૪૫ મિનિટ વ્યાયામ કરે છે.

પૂ.'મા' :—'મા'ને પણ ૪૫ મિનિટમાં દંડવત્ થાય છે. પૂરી ૪૫ મિનિટ ઝુકીએ તો ૨૨૫ દંડવત થાય છે. પૂ.શ્રી દરરોજ રાત્રે ૧ થી ૨ના ગાળામાં ઊઠી જાય છે. પૂ.'મા'ને પણ ઉઠાડે છે. ૭૦ માળા રાત્રે કરી લે છે. સવારે ૩૦ માળા કરે છે.

પૂ.શ્રી સાથેની વાતોમાં પૂ.'મા' પોતાના ગામની આસપાસ થયેલી લૂંટફાટની વાત કરે છે. લૂંટારા મારે છે તેની પણ વાતો થાય છે.

પૂ.શ્રીએ અનુસંધાનમાં કહે છે "આપણને તો કોઈને સોય શરીરે લગાડે તે પણ દુઃખદ લાગે છે. તો આ પૃથ્વી પર આવા રાક્ષસ જેવા લોકો વસે છે ? લૂંટફાટ તો કરે પણ માર શા માટે મારતા હશે ?"

આપણે પેલા મૂળી ગામ ગયેલા ને ત્યાં હૉલની પટ્ટી કાપવા (ઉદ્‌ઘાટન માટે) માટે મને કાતર આપવામાં આવી મેં શ્રી અનોપચંદભાઈને કહ્યું-મને કોઈને કાપવાનું, જુદા પાડવાનું ગમતું નથી (ભેગા કરવાનું જ ગમે છે) માટે તમે જ પટ્ટી કાપો.

પૂ.'મા' :—આ વાત સાંભળી મનમાં વિચાર થયો કે ઉદ્‌ઘાટન જેવી ક્રિયામાં પટ્ટી ઉપર કાતર ચલાવવી પણ જે મહાપુરુષને ન ગમે તે મહાપુરુષનું હૃદય કેટલું બધું સંવેદનશીલ હશે. પછી સત્સંગ બેઠકમાં પ્રશ્નોત્તરી થાય છે.

પ્રશ્ન :—ચૈત્રની નવરાત્રિ સારી કે આસોની ?

પૂ.શ્રી દેવીએ અસુરોના નાશ માટે જે નવ દિવસ જંગ ખેલ્યો તે નવરાત્રિ આસો માસની છે તેની વાત ચંડીપાઠમાં આવે છે. દેવીએ ચંડ, મુંડ, શુંભ, નિશુંભ, રક્ત, બીજ મહિષાસુર વગેરે અસુરોનો નાશ કર્યો પછી દિવસે દિવસે ઉત્સવ થયો જેમાં દેવીની સ્તુતિ થઈ.

બધા બન્ને નવરાત્રિ કરે તો પણ શું વાંધો. ફાગણ કારતક માગશર બધી જ નવરાત્રિ મનાવે તો આપણે શું ?

પ્રશ્ન :—મંત્રજપના અનુષ્ઠાન માટે આસોની નવરાત્રિ જ શ્રેષ્ઠ ગણાય ને ? અધિક માસનું અધિક ફળ એવું ખરું ?

પૂ.શ્રી :—શુભકાર્ય માટે રાહ ન જુઓ. અનુષ્ઠાન ગમે ત્યારે કરી શકાય. નવરાત્રિમાં જેમ અનુષ્ઠાન કરો તો સારું એમ માનો તેમ નવરાત્રિ દરમ્યાન આહાર-વિહારના નિયમો રાખો તો તે નિયમ રોજ જ પાળોને ! નવરાત્રિ દરમ્યાન વહેલા ઊઠો ને પ્રેમ ને શ્રદ્ધાથી જપ કરો તો બધા જ દિવસોમાં કરોને ! જે નથી કરતાં તેને માટે કહ્યું કે નવરાત્રિમાં તો કરો જ. અધિકમાં તો કરો જ. પણ આપણે માનીએ કે આખો જનમ જ અધિક તો ! સત્કર્મ દરરોજ કરો પછી તે દિવાળી હોય નવરાત્રિ હોય કે હોળી હોય. સત્કર્મ માટે અધિકની નવરાત્રિની રાહ ના જુઓ.

પ્રશ્ન :—અનુષ્ઠાનમાં ગાયત્રી જપ જ કરી શકાય ?

પૂ.શ્રી :—ના એવું નથી. કોઈપણ જપ કરી શકાય તમારા જે ઈષ્ટ હોય તે મંત્ર જપી શકાય.

પ્રશ્ન :—સ્વપ્નમાં સંત, ઈશ્વરનાં દર્શન થાય અથવા કોઈ મંદિરે જઈએ તો ત્યાં ખૂબ રડવું આવી જાય શું કરવું ?



પૂ.શ્રી :—સંતોનાં તીર્થોના મંદિરોનાં ઈશ્વરનાં દર્શન સ્વપ્નમાં જ થાય તે તો સારું. સંસારીઓનાં, સાપનાં, ચોરનાં, વીંછીના, કાન ખજૂરાનાં, સ્વપ્નાં આવે એના કરતાં તો સારું જ ગણાય. અને તમને પ્રસન્નતા થાય તો પણ હર્ષનાં આંસુ આવે. અથવા વિરહનાં આંસુ પણ આવે. બાળક ઘણે વખતે માતાને મળે તો બાળકને રડવું આવે તો તે ભાવ કહેવાય. ભક્તિમાર્ગમાં વલ્લભાચાર્યે આઠ ભાવો કહ્યા છે તેમાં આનંદાશ્રુ પણ આવે, વિરહાશ્રુ પણ આવે. સંસારીઓને જોઈને રડવું આવે એના કરતાં સંતો તીર્થોને મળી રડવું આવે તો તો સારું છે.

પ્રશ્ન :—"રામ હમારા જપ કરે હમ બૈઠે આરામ કરે" એ દોહો ક્યારે ગવાય ?

પૂ.શ્રી :—પ્રથમ તો તમારે રામના જપ કરવા પડે. પ્રથમ જપ કરવા લગની લગાડવી જ પડે.

એક છોકરી હતી. તે સતત એક છોકરાના જ વિચારોમાં મગ્ન રહે. પણ તે છોકરો તેની સામે પણ જોતો નહીં. છોકરીએ મનમાં નિર્ણય કર્યો કે એ છોકરા સાથે જ લગ્ન કરું. તો વરસો પછી છોકરીની નિષ્ઠા સાચી હતી તો છોકરો છોકરીને શોધતો પાછળ આવ્યો. વર્ષો પછી એવું થયું. તેમ પ્રભુસ્મરણ, ભાવ, પ્રેમથી પ્રથમ તો આપણે જ કરવું પડે. પછી લાંબે વખતે પ્રભુને આપણને મળવાની ઈચ્છા થશે. આપણને આવીને મળે ત્યારે એ દોહો ગાઈ શકીએ.

પ્રશ્ન :—મહાદેવની પૂજા સ્ત્રી ન કરી શકે ?

પૂ.શ્રી :—કેમ ન કરી શકે ? પાર્વતીએ કરી જ હતી. શાસ્ત્રોમાં એવું નથી. પાછળથી બધું આવ્યું. તેઓ સ્ત્રીઓને દરેક કામમાંથી બાકાત જ રાખવા માગતા હતા. તેઓ માનતા કે સ્ત્રીઓ તો ત્રણ જ ખાતાં સંભાળી શકે. વેલણખાતું, ધોકાખાતું, ઘોડિયાખાતું. પણ વેદોમાં એવી તેજસ્વી સ્ત્રી-ઋષિઓ હતી. મંડનમિશ્રની પત્ની ભારતી, ગાર્ગી, મૈત્રેયી વગેરે તેજસ્વી સ્ત્રીઓ હતી તો તેવી સ્ત્રીઓને કહો કે મહાદેવની પૂજા ન કરી શકો. તમે હનુમાનની પ્રદક્ષિણા ન કરી શકો તે

એવું કઈ રીતે ચાલે ? સૌ કોઈ પૂજા કરી શકે. પૂ.શ્રી કલ્પુબહેનને કહે છે રોજ સાંજે પ્રાર્થના કરીને સૂઈ જાઓ.

પૂ.'મા' :—કેવી પ્રાર્થના રોજ કરવી ?

પૂ.શ્રી :—રોજ કોઈ ભજન ગાઓ અથવા પ્રભુને કહો કે મારું જીવન શાંતિમય કરજે. મારું જીવન સારું કરજે. મને સદ્‌બુદ્ધિ આપજે.

પૂ.'મા' :—વર્ષોથી પૂ.શ્રીએ નવરાત્રિ પાણી પર કરી. આપણી એ શક્તિ નથી. એક ટંક જમીને કે દૂધફળ પર કરીએ છીએ. પણ એવા નિયમો સાથે જપ, પાઠ, ધ્યાન વગેરે પણ કરવા પડે. વર્ષોથી સ્વર્ગારોહણમાં બંને નવરાત્રિનાં પર્વ નિયમો સાથે ઉજવાય છે. નવરાત્રિમાં કંઈક કરી લઈએ એવા નિયમ સાથે સહુ જીવી રહ્યા છે. કેટલાક 'પ્રકાશના પંથે'ની પ્રાર્થનાઓનું પણ વાંચન કરે છે. પૂ.શ્રીએ ઉપવાસો સતત પ્રાર્થના સાથે કર્યા તો ધારેલું પરિણામ પામી શક્યા. આપણે માત્ર ઉપવાસ કરીએ નવરાત્રિએ સ્વર્ગારોહણ આવીએ એટલું જ પૂરતું નથી. અહીં આવીને વિશેષ સાધન કરવું જ પડે.

આજે તો 'યોગતીર્થ'નાં દર્શન પણ છે. આજે ઘણો સમય મળશે. 'યોગતીર્થ' દર્શન માટે મૌન રહી પ્રાર્થના માણો. ખૂબ પ્રેમથી, શ્રદ્ધાથી, ધ્યાનથી એક એક દૃશ્યને મન-અંતરમાં ઘૂંટો તો જ જગતના નકામાં દૃશ્યો ઝાંખાં પડશે. આપણા મનને શણગારો. આજે આઠમ છે તો વિશેષ રીતે સજાવો. 'યોગતીર્થ'ના પ્રત્યેક સ્વરૂપ મનને બતાવો સાત્ત્વિક ભાથુ બાંધો. 'યોગતીર્થ'ની હાથ જોડી, નિયમો પાળી મૌન રહી, દર્શનયાત્રા કરો.

હે 'મા' ! દુર્ગાષ્ટમીએ તો આ સુંદર પ્રસાદ પામી ગદ્‌ગદ્ થઈ જવાયું. આપ સાધકોની નાની નાની બાબતોનું પણ કેવું ધ્યાન રાખો છો. સાક્ષાત્કાર બીજું શું હોય ? દર્શનમાં પણ સમજ જ હોય છે ને આપ કેવા કૃપાળુ છો દર્શન-સમજ બંને આપો છો ! 'મા' આપનાં ચરણોમાં લક્ષકોટિ પ્રણામ !

**— શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી**

★



## ॥ રામ નવમી-દુર્ગાનોમ ॥

આજે પૂ.'મા'એ કૃપાવર્ષા કરી. શ્રી શ્રી 'મા' આજે બપોરે ૧૧.૩૦ની બેઠકમાં પધાર્યા છે. સહુ બાળકો 'મા'ના આગમનથી આનંદિત થઈ ગયા છે. આજે ભાઈ રથી આવ્યો છે તેની પાસે 'મા' કથામૃત વંચાવે છે.

**તા.૨૫-૨-૮૧, રાજકોટ**

જોશીપુરા ભાઈ ભજન સંભળાવે છે. અમારા જીવનમાં મળો એવી રીતે, ચંદનમાં જેમ પાણી મળે. અમારા જીવનમાં ભળો એવી રીતે ફૂલ મહીં ફોરમ ભળે.

પૂ.શ્રી :—ગીતોથી પ્રભુની પાસે ભક્તો પહોંચ્યા છે. ગીત જ સાધના. નરસિંહ મીરાંનાં આત્મનિવેદન, પ્રાર્થના, ધ્યાન જ બધું ગીતમાં જ આવી જતું.

ધૂન-ભજનમાં આનંદ આવે. આનંદ ચોખ્ખો સાત્ત્વિક જરૂરી છે. ચોરીના આનંદ જેવો નહીં. આત્માને આનંદ આપે તેવો આનંદ આત્મામાંથી મળ્યા કરે એ આનંદ માટે બીજા પર નિર્ભર ન રહેવું પડે. એ આનંદ ધ્યાનથી પ્રાર્થનાથી જીવનની શુદ્ધિથી મળે. તે આનંદ ટકી શકે.

પ્રશ્ન :—અમને જે જે ઇચ્છા થાય તે પ્રભુની એ કઈ રીતે ખબર પડે ?

પૂ.શ્રી :—તમે વિચારો કે મારી જે ઇચ્છા છે તે (ધર્મ નીતિની મર્યાદામાં રહીને થનારી ઇચ્છા તે પ્રભુની ગણાય) યોગ્ય છે ? અંતરાત્મા જ તેનો જવાબ આપશે. 'મહાભારત'માં કહ્યું કે; પોતાને પ્રતિકૂળ એવી વાતો છે તે બીજા માટે પણ અનુકૂળ નથી. કોઈની નિંદા કરવાની ઇચ્છા થઈ તો પૂછો, મારી કોઈ નિંદા કરે તો મને ગમે ? ના તો પછી નિંદાની ઇચ્છા તે શેતાનની ઇચ્છા છે, પ્રભુની નથી. આપણી દરેક ઇચ્છાને ધર્મ-નીતિના માપદંડથી

માપો. કઈ ઈચ્છા સારી ને કઈ ખરાબ તે જાણવા એક જગ્યાએ બેસી જાઓ તો તમને માર્ગદર્શન મળશે. તમને હમણાં કેવી ઈચ્છા થાય છે. શ્રીખંડ ખાવાની ? ના. ખાવાની ઈચ્છા હોય, પેટ સારું હોય તો ખાઓ. હમણાં તો તમારે ભણવાનું વિચારવાનું છે ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ લાવવા લગીનો વિચાર થાય છે ? ના. તો તમે અપરિણિત રહીને દેશની સેવા કરી શકશો. સ્વૈચ્છિક સંકલ્પ કરો કે લગ્ન કરવા નથી તો સારું લગ્નજીવનમાં ૨૦% જ સુખ છે ૮૦% દુઃખ જ છે. પછી જુઓ તમારી આગળ પાછળ બેઠા છે તેમને ! માનવ ૨૦% સુખ મેળવવા ૮૦% દુઃખ ભોગવવાનું ખતપત્ર લખી આપે છે અને લગ્ન કરવા જ હોય તો સારું ભણો, સારું કમાઓ પછી વિચારો. લગ્નજીવનમાં અમુક વર્ષ પછી બ્રહ્મચર્યનો નિયમ લો.

પ્રશ્ન :—એક સૈનિક ઘણાને મારે છે તો તેને તેનું કેવું કર્મફળ મળે ?

પૂ.શ્રી :—એ તો પ્રભુ જાણે. કદાચ બધાએ ભેગા મળીને એને માર્યો હોય. અને અહીં કર્તવ્ય પણ ગણાય દુશ્મનોને મારવાનું કર્તવ્ય પણ પ્રભુ ગણતા હોય.

એક પત્ર : પોતાના પિતાને પૈસા માટે મારે તો ત્યાં સ્વાર્થ છે. એનું ફળ અને સૈનિકને મળતું ફળ અલગ અલગ હોઈ શકે ખૂબ ડાહ્યા માણસોની કમિટિ હશે જેથી ચોક્કસ કર્મફળ મળતાં હશે.

પ્રશ્ન :—ધ્યાન ને પૂજામાં દર્શન થાય તે સાકારમાં જોઈ શકાય.

પૂ.શ્રી :—થઈ શકે. પ્રત્યક્ષ પરિચય થઈ શકે. જેનું દર્શન થયું હોય તેની ઈચ્છા ને પ્રભુની પણ ઈચ્છા હોય તો મળી શકાય. સાકાર સ્વરૂપે પ્રત્યક્ષ મળી શકાય.

પ્રશ્ન :—જે સંતનું દર્શન થાય તેને મળવા જવું જોઈએ ?

પૂ.શ્રી :—તમે જાણતા હોય તો મળવા જાવ. પણ બધા સંતોને મળવા જવાનો શો અર્થ છે ? બધા સંતો જેની પાછળ પડ્યા છે તે



સાચા સંતોના પાવરહાઉસને મેળવવા પ્રયત્ન કરો એમાં સંતોની મદદ લો.

પ્રશ્ન :—અંતકાળે જે ઈચ્છા હોય તે ગતિ થાય પણ માનવ બેભાન હોય તો કઈ ગતિ થાય ?

પૂ.શ્રી :—અંતકાળે જે ઈચ્છા હોય તે ગતિ થાય તે ખોટી વાત છે. માનવ બેભાન હોય તો ઈચ્છા તો એની હોય જ. તે સક્રિય નથી. નિષ્ક્રિયરૂપે પણ હોય જ છે. જેમ કબાટમાં બધી વસ્તુ છે તેને બહારથી બંધ કરો એથી કબાટમાં વસ્તુ નથી એમ માની શકાય ? ના. તો એ રીતે માનવ બેભાન બને ત્યારે તેની ઈચ્છાઓ નથી રહેતી તેવું થોડું છે ?

એ વાચન પછી ભાઈ, રથી **'હરિવાત કરે છે મઝાની સર્વેશ્વરી સંપત અમારી.'** પદ ગાય છે.

પૂ.'મા' :—નવરાત્રિ પૂર્ણ થઈ તો કાલથી નિયમ વિનાનું જીવન નથી જીવવાનું. જે નિયમો લીધા છે તેમાંથી પસંદ કરીને જીવનને નિયમથી સજાવવાનું છે. 'સ્વર્ગારોહણ' શા માટે આવ્યા ? હૉલની બેઠક છોડીને રૂમમાં આરામ કરવા કે ગપ્પાં મારવા કે 'સ્વર્ગારોહણ'નું મફત જમવા કે સસ્તા કપડાંની ખરીદી કરવા ? આપણે આપણી જાતને પૂછવાનું છે. દેહ છોડીને જઈશું તો પ્રશ્નો પૂછાશે સ્વર્ગારોહણ શા માટે જતા હતા ? ત્યારે શરમથી નીચું ના જોવું પડે અને ઉન્નત મસ્તકે જવાબ આપવા માટે દરેક બેઠકમાં હાજર રહેવું જોઈએ.

ઘણા ભાઈબેનો ૧૦-૧૨. ૧૫-૨૦ વર્ષથી નવરાત્રિ અહીં કરે છે સારી વાત છે. જેટલું આખા વરસમાં ના થયું એટલું નવ દિવસમાં થઈ જાય છે. લોકલ ટ્રેઈનમાં બેસીએ તો જંકશન મોડું આવે પણ એક્સપ્રેસ ટ્રેઈનમાં જલ્દી આવે. તીર્થક્ષેત્રે કરેલું સત્કર્મ અનેકગણું ફળ ધરાવે છે. નવરાત્રિમાં સખત ગરમીમાં બહાર

બેસવું કેટલું અઘરું છે. ગરમીથી બચવા રૂમમાં જઈએ તો ત્યાં પલગંના દર્શન થતાં ઊંઘ આવે, એટલે આપણી પરીક્ષા થઈ જાય. નિયમો ગરમીમાં પાળવા ખૂબ અઘરાં છે સુખેદુઃખે નવરાત પૂરી થઈ આજે તો મહાપ્રસાદ પામી વ્રત પૂરું કરવાનું છે. સંસારની ગરમીથી રક્ષાયેલા રહેવા નિયમોની જાજમ ખૂબ કામની છે. તમે બધાં ઘર છોડી છોડીને અહીં આવી શકો છો. તે પ્રભુની કૃપા છે. અહીં આવીને જેણે જેણે નિયમ લીધા તે બધાંના પૂરા થઈ ગયા ? તો પામો મહાપ્રસાદ.

'ગઈકાલની નોંધ વંચાવવી હતી. ગઈકાલની નોંધ સમજવા માટે ખૂબ ધીરજ સમય જોઈશે. બપોરની બેઠકમાં શાંતિથી.'

પૂ.'મા' એટલે સતત જાગૃતિ ક્યાંય ગાફેલ ન રહેવાય કે થઈ જવાય તે માટે સતત બત્તી ધરતાં જ રહે છે. કૃષ્ણમૂર્તિ જેને awareness કહે છે તે ક્ષણે ક્ષણે જોવા મળે છે. બપોરની બેઠકમાં પૂ.'મા' એવું શું પીરસવાનાં હશે એ વિચારોમાં મન રમ્યા કરતું હતું. એક હૈયાધારણ પાછું દર્શન થશે. સાત્ત્વિક પ્રલોભન પણ લોભામણું. બસ દર્શનની ઇચ્છાને મમળાવતાં મમળાવતાં બેઠક પૂર્ણ થાય છે.

૪૦ ડીગ્રી ગરમીમાં નિર્જળા વ્રત સાથે બાળકો પર કૃપા કરી બેઠકમાં આવવું તે કૃપાવર્ષા અનરાધાર જેવી લાગી. 'મા' ખૂબ ઢળ્યાં. હે 'મા' ! આપનો આભાર કે ઋણ વાળવાની કલ્પના પણ અમને અબુધ બાળકોને નથી આવતી ! આ પરમસૌભાગ્યને પામી ધન્ય થયાં છીએ. આપે આપેલી જાગૃતિની શીખને જીવનમાં ઉતારવા સક્ષમ બનીએ તે જ પ્રાર્થના. અનંત કોટિ પ્રણામ !

—શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી



# ॥ સાચા સાધુની પરખ ॥

કોઈ માણસ ઈર્ષાળુ હોય, અભિમાની હોય, લુચ્ચો હોય, તે માત્ર સુંદર રૂપથી કે વાણીથી ચતુરાઈથી સજ્જન બની જતો નથી. સમાજને ઠગનારા અને ગેરરસ્તે લઈ જનારા એવા થોડા માણસો કે સાધુઓનું વ્યક્તિત્વ બહુ જ ભવ્ય, મોહક અને આકર્ષક હોય છે, તેમજ તેઓ ચારુવાક્ (ચાર્વાક, વાણી-ચાતુર્યવાળા) પણ હોય છે, પરંતુ હોય છે ઘણા જ શીલભ્રષ્ટ. આવા લોકોની પૂરી તપાસ કરી વાસ્તવિકતા સમજવી-જોવી જોઈએ. ખરી તપાસ ત્યારે જ થઈ શકે છે કે જ્યારે લાંબા સમય સુધી એમની સાથે રહીને એમની પ્રત્યેક ગતિવિધિને બુદ્ધિમાનીપૂર્વક ખૂબ ધ્યાનથી જોવામાં આવે.

તે સમયે સંન્યાસીઓને ઓળખવાની આવી રીત પ્રચલિત હતી. વિદેહનગરી મિથિલામાં ૧૨૦ વર્ષના બ્રહ્માયુ નામના અતિ વિદ્વાન તથા સુપ્રતિષ્ઠિત આચાર્ય રહેતા હતા. તે દિવસોમાં ભગવાન બુદ્ધ પોતાના પાંચ સો ભિક્ષુઓ સાથે વિદેહરાજ્યમાં વિચરી રહ્યા હતા. બ્રહ્માયુએ ભગવાનનાં અનેકવિધ વખાણ સાંભળ્યાં હતાં. એણે વિચાર્યું કે સંપૂર્ણ તપાસ કર્યા પછી જ સાચી વાત સ્વીકારવી જોઈએ. તેથી તેણે પોતાના એક મેધાવી યુવાન શિષ્ય ઉત્તરમાણવકને બોલાવી કહ્યું કે, તું જાતે જ તપાસ કર કે ગૌતમની જે આ પ્રશંસા થઈ રહી છે તે સાચી છે કે જૂઠી. ગુરુએ શિષ્યને બત્રીસલક્ષણા પુરુષના ગુણો તેમજ રહેણીકહેણી સમજાવી હતી અને તે પરીક્ષણમાં ગૌતમ ખરા ઊતરે છે કે નહીં તેની તપાસ કરી લાવવાનું સોંપ્યું. શિષ્ય બુદ્ધ પાસે ગયો અને તેણે બધા ગુણો જોયા અને સાચા પણ લાગ્યા. તેથી તેણે તેમની સાથે જ રહેવાની અનુજ્ઞા માગી અને તે મળી પણ ગઈ. હવે તેણે

ગૌતમની ચાલ-ચલગત તથા રહેણી-કરણીનું બારીકાઈથી નિરીક્ષણ કરવા માંડ્યું.

સાત મહિના સુધી ભગવાન પાસે રહી પોતાના ગુરુ પાસે જવાની આજ્ઞા માગી. ગુરુ પાસે જઈને તેણે તે મહાપુરુષની સૌમ્ય રહેણી-કરણીનો વૃત્તાંત કહ્યો. તેણે કહ્યું કે તેઓ જ્યારે ચાલે છે ત્યારે હંમેશાં જમણો પગ પહેલાં ઉઠાવે છે. તેઓ નથી તો બહુ લાંબાં ડગલાં ભરે છે કે નથી તો ટૂંકાં. નથી તો બહુ ઝડપથી ચાલતા કે નથી તો ધીમેથી. ચાલતી વખતે શરીરના નીચેના ભાગ ઉપર જ વજન આપી ચાલે છે, ઉપરનો ભાગ સ્થિર જેવો લાગે છે. વસ્ત્રો શરીરને ચોંટીને રહેલાં હોતાં નથી તેમજ ફરફરતાં પણ હોતાં નથી. ચાલતી વખતે ન તો નજર ઉપર ઉઠાવે છે કે ન તો નીચે રાખે છે અને ન તો આમતેમ જોયા કરે છે. સામેની જમીન પર કેવળ બે ડગલાં દૂર નજર ટકી રહે છે, બાકીનું બધું જ્ઞાન-દર્શન ચાલ્યા કરતું હોય છે. ચાલતી વખતે પોતાના શરીરને જોયા કર્યા વગર પણ શરીરમાં ચાલતી ક્રિયાઓને અનુભવ્યા કરે છે.

ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરતી વખતે તેઓ પોતાના શરીરને નથી તો ઊંચું કરતા કે નથી તો નીચું. નથી તો આસન પર બેસતાં ઝડપ કરતા કે નથી તો ધીમું કરતા. તેઓ નથી તો હાથની સહાય લઈને બેસતા કે નથી અસહાય શરીરને ફંગોળતા હોય તેમ બેસતા. તેમના હાથ-પગ પણ અચંચળ રહે છે. નથી તો ઘૂંટણ પર ઘૂંટણ ચઢાવીને બેસે છે કે નથી હથેળીમાં દાઢી રાખીને. શ્રમણ ગૌતમ અત્યંત નિશ્ચલ, સ્વસ્થ તેમજ સ્વ-સ્થિત થઈને બેસે છે. તેઓ હંમેશાં અભય, અકંપિત, અવિચલિત, અરોમાંચિત અને વિવેકયુક્ત રહીને બેસે છે. એમના બેસવામાં સૌમ્ય ગંભીરતા સમાયેલી હોય છે.

ભોજન ગ્રહણ કરતાં પહેલાં તેઓ પોતાના પાત્રને ધૂએ છે. પાણી લેતી વખતે તેઓ પાત્રને નથી તો બહુ નીચું કરતા કે નથી



તો બહુ ઊંચું. પાત્રને ભૂમિ પર મૂકીને પોતાના હાથ ધોતા નથી, પાત્ર ધોતી વખતે જ તેમના હાથ ધોવાઈ જાય છે અને હાથ ધોતી વખતે તેમનું પાત્ર, હાથ તેમજ પાત્ર ધોયેલું પાણી નથી તો ઘણું દૂર ફેંકતા કે નથી તો ઘણું પાસે. આ રીતે તેમનું દરેક હલન-ચલન અત્યંત અનુશાસિત હોય છે. તેઓ ભોજન પણ પોતાની અનુભવેલી માત્રા સુધીનું જ લે છે. કોળિયો પણ પ્રમાણસર લે છે. પૂરું ચાવીને ગળામાં ઉતાર્યા પછી જ બીજો કોળિયો મોંમાં મૂકે છે. મોંમાંથી ખોરાકનો એક કણ પણ શરીર પર કદાપિ પડતો નથી. ભોજન કરતી વખતે તેનો રસાસ્વાદ જરૂર કરે છે પરંતુ તેમાં રાગની વૃત્તિ હોતી નથી. તેઓ શોખ કે સ્વાદ માટે ખાતા નથી પરંતુ શરીરની યથાવશ્યક સ્થિતિ ચાલુ રાખવા, શુદ્ધ ધર્માચરણનું જીવન ટકાવી રાખવા, જેટલું જરૂરી હોય તેટલું જ ભોજન લે છે. ભોજનોપરાન્ત પણ સંયમિત રૂપથી જ પાત્ર અને હાથ ધુએ છે. ભોજનનું તેઓ સદાય અનુમોદન કરે છે, કદી નિંદા કરતા નથી. અનુમોદન કરતી વખતે એવો આભાસ પણ થવા દેતા નથી કે આવું ભોજન હજી વધારે કે વારંવાર જોઈએ છે. પછી જે શાંતિથી આવ્યા હતા તે રીતે માપી માપીને પગલાં ભરતા વિદાય લે છે. સ્વસ્થતાને આવીને પલાંઠી વાળીને, કાયા ટટાર રાખીને સજગતાથી બેસે છે. એમનું ચિંતન સદા આત્મહિત, પરહિત, ઉભયહિત અને સર્વલોકહિત જ હોય છે.

ધર્મોપદેશ સમયની તેમની વાણી પ્રામાણિક, વિશ્વસનીય, સરલ, શ્રવણમધુર, સારયુક્ત તેમજ કલ્યાણકારી હોય છે. તેમાં પ્રેમ, કરુણા, ગંભીરતા વગેરેના ભાવો અનુભવાય છે, તથા સાંભળનારનાં હૃદયોને ઝણઝણાવી મૂકી આનંદ અર્પે તેવી હોય છે. શ્રોતા-સમુદાય પ્રમાણે જ પોતાની વાણીને ઊંચી કે નીચી રાખે છે. દરેક શ્રોતા બરાબર સાંભળી શકે તેવી જ રાખે છે. આ રીતે પોતાના અવાજ પર પૂરું નિયંત્રણ હોય છે. એમનું

પ્રભાવશાળી વ્યક્તિત્વ તેમજ કલ્યાણી વક્તૃત્વ શ્રોતાઓથી ભૂલાતું નથી, ચિરસ્મરણીય બની જાય છે.

ઉત્તરમાણવક તો બુદ્ધની પ્રશંસા કરતાં થાકતો જ નથી. આગળ ઉપર પણ ગુરુ બ્રહ્માયુને કહ્યું કે - મેં શ્રમણ ગૌતમને નમન કરતા જોયા છે. ઊભા રહેલા, ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરતા, ભોજનોપરાન્ત બેઠેલા, પરિષદને ઉપદેશ આપતા પણ જોયા છે. મેં આ દિનચર્યા એક વખત નહીં પરંતુ વારંવાર જોઈ છે. એને સર્વથા નિર્દોષ જ નહીં, બલ્કે એક સંન્યાસી માટે આદર્શરૂપ પણ લાગી છે. હું આ જોઈને અતીવ પ્રસન્ન થયો છું. હજીય તેને સંતોષ નહીં થતાં બોલે છે કે - 'સિદ્ધાર્થ ગૌતમ આવા છે, આવા છે એટલું જ નહીં, આનાથી પણ કંઈ કેટલાય વધારે છે ! કેટકેટલું કહું ?'

ધ્યાન રાખવા જેવી બાબત કે ઉત્તરમાણવક કંઈ બુદ્ધનો ભાવુક ભક્ત કે શ્રદ્ધાળુ શિષ્ય ન હતો કે અતિશયોક્તિપૂર્ણ પ્રશંસા કરે. તે પ્રકાંડ પંડિત પણ હતો અને એક બે નહીં પરંતુ સાત સાત મહિના સાથે જ રહીને સૂક્ષ્માતિસૂક્ષ્મ નિરીક્ષણને અંતે તેણે આ ઉદ્‌ગારો કાઢ્યા હતા.

ભગવાનનું જીવન કેટલું ભદ્ર છે ! ભવ્ય છે ! શિષ્ટ છે ! શાલીન છે ! સંયત છે ! સુંદર છે ! અનુશાસિત છે ! આ સાંભળીને બ્રહ્માયુ શ્રદ્ધાવિભોર થઈ ગયા અને જે દિશામાં ભગવાન વિહાર કરી રહ્યા હતા તે તરફ મોં કરીને પંચાંગ પ્રણામ કરતાં ત્રણ વખત બોલ્યા કે 'તે અરિહંત, જાગ્રત ગૌતમને હું નમસ્કાર કરું છું.'

(વિશ્વના કોઈપણ ધર્મના કોઈપણ સાધુને પારખવાની કેવી અજોડ તેમજ સચોટ આ રીત છે !)

**—સંકલન**



# ॥ સ્વામી રામની ગુરુવિભાવના ॥

સ્વામી રામ કહે છે : 'મા તમને 'જન્મ' આપે છે. માતા-પિતા તમને મોટા કરે છે પછી ગુરુનું કામ શરૂ થાય છે; તે તમારા 'જીવન'નો અર્થ પૂર્ણ કરવામાં મદદ કરે છે.'

ભારતમાં 'ગુરુ' શબ્દ બહુ આદરપૂર્વક વપરાય છે અને તેની સાથે પવિત્રતા અને પ્રજ્ઞાનો ભાવ જોડાયેલો છે. એની સાથે 'દેવ' શબ્દ લગાડી. 'ગુરુદેવ' શબ્દ યોજાયો છે. 'દેવ' એટલે દિવ્ય-પ્રકાશિત અસ્તિત્વ. પ્રબુદ્ધ ગુરુ 'ગુરુદેવ' કહેવાય છે.

એક 'સાધારણ શિક્ષક' અને 'આધ્યાત્મિક ગુરુ' વચ્ચે બહુ મોટો તફાવત છે. શિષ્યોની ઉંમર ગમે તે હોય, એંસી વર્ષના હોય તો પણ ગુરુ તેમને પોતાનાં બાળકો સમજી, આશ્રય આપે છે અને બદલાની કોઈપણ અપેક્ષા વિના શિખવે છે. મુમુક્ષુને શીખવવા સિવાય તેમને બીજી કશી જ ઈચ્છા હોતી નથી. શંકરાચાર્યના 'દક્ષિણામૂર્તિ સ્તોત્ર'માં એટલે જ કહેવાયું છે : 'વૃદ્ધા શિષ્યા ગુરુર્યુવા - શિષ્યો વૃદ્ધ છે ને ગુરુ યુવાન છે.'

આવા ગુરુદેવ શરીરધારી હોય છે છતાં જન્મ-મરણથી પર હોય છે. આ ગુરુદેવ 'આત્મગુરુ કે આંતરગુરુ છે. જ્યારે તમે એને શરણે જાઓ છો ત્યારે તમારાં શંકા અને ભય દૂર થઈ જાય છે. તમારી અંદરનાં પ્રકાશ અને જ્ઞાન તમારાં મન-હૃદયને અતૂટ શ્રદ્ધા-વિશ્વાસથી ભરી દે છે.' પ્રત્યક્ષ અનુભવ વિના આમ બનતું નથી. અંદરના Divine being - દિવ્યતત્ત્વ દ્વારા તમારામાં શ્રદ્ધાનો દીપ પ્રકટી જાય છે ત્યારે તમે આ માર્ગ માટે શક્તિશાળી બનો છો. આ આંતરગુરુના પ્રકાશ દ્વારા તમે સાચા-ખોટાનો, સારા-ખરાબનો ભેદ પારખી શકશો. શરીરધારી ગુરુ તમને દોરવણી આપે, ઉપલબ્ધિનો માર્ગ બતાવી શકે; પરંતુ તમારે જાતે જ અંદર ડૂબકી મારીને પ્રકાશ અને જ્ઞાન પામવાનાં છે.

શિષ્ય ગુરુ પાસે જાય પછી શિષ્યના રક્ષણ અને માર્ગદર્શનની જવાબદારી પોતાને શિરે લઈને તે જુદા જુદા સ્તર પર શિષ્યને દીક્ષા આપે છે. યમ-નિયમનું આચરણ કરતાં શીખવે છે. મંત્રદીક્ષા પણ આપે છે. અવરોધો હટાવી, શાંત-સ્વસ્થ કેમ રહેવું, નિર્ણય કેવી રીતે લેવા એ બધી સમજણ પૂરી પાડે છે. તેના વિચારો-લાગણીઓને પણ વ્યવસ્થિત કરે છે.

ગુરુ ઘણીવાર શિષ્યોની કસોટી કરી, તે દ્વારા શિષ્યને આત્મસંયમ અને આત્મનિર્ભર બનાવે છે. એટલું જ નહિ શિષ્યનો વિકાસ કેટલો થયો છે, તેની જાણ બહારની ભૂલો છતી કરે છે. જો કે, 'શિષ્યને અનન્ય ભાવે ચાહી, તેને મૃદુ રીતે મદદ કરે છે, સુધારે છે, તેને કદી તિરસ્કારતા નથી. શિષ્યના કલ્યાણ માટે જે કાંઈ કરવાનું હોય તે કરે છે. લેતા કશું જ નથી, આપે છે બધું જ.'

જ્ઞાનની ઉચ્ચ કોટિ પામેલો ગુરુ મૌન દ્વારા જ જ્ઞાન આપતો હોય છે. સ્વામી રામ લખે છે : 'પોતાના ગુરુ સાથેના નવ મહિનાના સહવાસ દરમિયાન ગુરુ સાથે કોઈ વાતચીત થયેલી નહિ.'

તેઓ ભારપૂર્વક કહે છે : 'જે લોકો ગુરુનો એક શરીર તરીકે કે એક વ્યક્તિ તરીકે ખ્યાલ કરે છે તેઓ આ પવિત્ર શબ્દને સમજતા નથી. કોઈ મનુષ્ય કદી ગુરુ બની શકે નહિ. પણ મનુષ્ય-શક્તિઓની પાછળ જે શક્તિ છે, તેને વહાવવા જ્યારે પોતાનો વાહક તરીકે ઉપયોગ થવા દે; ત્યારે એ ગુરુ બને છે.'

આવા ગુરુ સમગ્ર માનવજાતને દોરે છે. સૂર્ય જેમ પ્રકાશે છે અને ખૂબ ઊંચે રહે છે તેમ પોતાનો આધ્યાત્મિક પ્રેમ આપે છે અને અનાસક્ત રહે છે.

સાચા ગુરુઓ નિઃસ્વાર્થ હોય છે, નિઃસ્વાર્થ પ્રેમ જ તેમના જ્ઞાનનો પાયો છે, 'દુનિયાના અજાણ ખૂણાઓમાં તેમનાં જીવન પ્રકાશનાં કિરણો ફેલાવે છે. દુનિયા તેમને પિછાણતી નથી અને કોઈ પોતાને પિછાણે એવી તેમને ઇચ્છા હોતી નથી.'

ગુરુપૂર્ણિમાના શુભ દિને સ્વામી રામે કહ્યું હતું : 'The Gurupurnima, the full-moon day is a reminder that your Gurudev is within.

That bright being manifests in you in the form of enthusiasm, courage, self-confidence, self-trust, self-motivation and Faith in God.'

**—શ્રી કાર્તિકેય ભટ્ટ**



# ॥ ગુરુકૃપા ॥

પ્રશ્ન : ગુરુકૃપા શું છે અને તે કેવી રીતે પ્રાપ્ત થાય છે ? શું ગુરુકૃપાની પ્રાપ્તિને માટે ગુરુમય બની જઈને ગુરુની ખૂબખૂબ સેવા કરવી જોઈએ એ શું સાચું છે ?

ઉત્તર : ગુરુકૃપા ખરેખર શું છે એ તો જે એનો અનુભવ કરે તેને જ ખબર પડી શકે. છતાં પણ, કહેવાને ખાતર એટલું જરૂર કહી શકાય કે ગુરુકૃપાથી આત્મોન્નતિના માર્ગમાં મદદ મળે છે, અને ઈશ્વરના સાક્ષાત્કારનો મનોરથ સહેલો બને છે. દુર્ગુણોની નિવૃત્તિ કરીને સદ્‌ગુણોની પ્રાપ્તિમાં તથા દુષ્કર્મોના અંત આણીને સત્કર્મોના અનુષ્ઠાનમાં તે મદદરૂપ થાય છે. જીવનને નિર્મળ, ઉદાત્ત તથા ઈશ્વરમય બનાવવામાં તેથી મદદ મળે છે. એક રીતે કહીએ તો ગુરુકૃપા એ ઈશ્વરની અસીમ કૃપાને માટેનું પ્રમાણપત્ર કે પ્રવેશદ્વાર છે. એ થતાં ઈશ્વરકૃપા દૂર નથી રહેતી. ગુરુના રૂપમાં આવીને સૌથી પહેલાં ઈશ્વર જ પોતાની કૃપા વરસાવે છે. ગુરુની કૃપા દ્વારા જે ધન, વૈભવ, પદ, પ્રતિષ્ઠા ને સાંસારિક સુખોપભોગની ઇચ્છા રાખે છે તે ભારે ભૂલ કરે છે. ગુરુની કૃપાના સાચા રહસ્યને તે નથી સમજતા ગુરુની કૃપા કેવલ સાંસારિક સુખસમૃદ્ધિને માટે નથી વટાવવાની, પરંતુ તેનો લાભ લઈને ઈશ્વરના સાક્ષાત્કારના મહત્ત્વના ધ્યેય તરફ આગળ વધવાનું છે, એ નથી ભૂલવાનું.

તમારા બીજા પેટાપ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે ગુરુકૃપાની પ્રાપ્તિને માટે ગુરુની મન મૂકીને સેવા કરવી જોઈએ એ તો સાચું જ છે, પરંતુ એની સાથેસાથે ખાસ ધ્યાન ગુરુના ઉપદેશ કે સંદેશ પ્રમાણે ચાલવા પર આપવું જોઈએ. ગુરુ જે કહે તે શ્રદ્ધા તથા પ્રમાણિકતા સાથે ઉત્સાહ ને ખંતપૂર્વક કરવું અથવા તો એમણે નિર્દેશેલા આત્મકલ્યાણના માર્ગ પર આગળ વધવું અત્યંત આવશ્યક છે. આ વસ્તુ ખાસ નોંધવા જેવી છે. કેમકે ગુરુની સેવા કરવામાં આવે પરંતુ એમના સદુપદેશનું અનુષ્ઠાન કરવામાં ના આવે તો કોઈ વિશેષ હેતુ

નથી સરતો. ગુરુએ બતાવેલા માર્ગ પ્રમાણે ચાલવામાં આવે, અને ગુરુની શ્રદ્ધાપૂર્વક સેવા કરવામાં આવે, તો તેથી પ્રસન્ન થઈને ગુરુ કેટલીક વાર અનુગ્રહ કરે છે, ને અધ્યાત્મમંદિરનાં ગુપ્ત દ્વાર ઉઘાડી આપે છે. **—શ્રી યોગેશ્વરજી**

★

## ॥ ગુરુની આવશ્યકતા ખરી કે નહિ ? ॥

પ્રશ્ન : તમે પહેલાં લખેલું કે અંતરની ઇચ્છા હોય તો ગુરુ ચોક્કસ મળે છે પરંતુ માણસને કેટલાય સંત મહાત્માઓ મળે, તેમની સાથે વાર્તાલાપ થાય, તે કાંઈ શીખવે તે પ્રમાણે માણસ કરે પણ, તો તે મહાત્મા તેના ગુરુ ખરા કે નહિ ?

ઉત્તર : જેની પાસેથી આપણને કાંઈક શીખવા સમજવાનું મળે છે અથવા તો જેના બતાવેલા સાધન-માર્ગને નજર સમક્ષ રાખીને આપણે આગળ વધતા રહીએ છીએ તેને ગુરુ માનવામાં કશી જ હરકત નથી. ગુરુ તરીકેની શ્રદ્ધાભક્તિ આપણે તેનામાં ધારણ કરી શકીએ છીએ. ગુરુ આપણને વાસ્તવમાં અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનના પરમ પ્રકાશમાં લઈ જાય છે તથા અશાંતિમાંથી શાંતિમાં, બંધનમાંથી મુક્તિમાં, અને આત્માનુભવથી રહિત દશામાંથી આત્માનુભૂતિની અસાધારણ અવસ્થામાં પ્રવેશ કરાવે છે. એ કામમાં મદદરૂપ થાય તેને ગુરુ જરૂર કહી શકાય.

પ્રશ્ન : માણસ પોતાના ગુરુને જ્યારે પહેલીવાર મળે ત્યારે એને કેમ ખબર પડે કે આજ મારા ગુરુ ? એમના પ્રત્યે કોઈ અનન્ય ભાવ કે આકર્ષણ થાય છે ?

ઉત્તર : કોઈવાર આકર્ષણ થાય છે તો કોઈવાર નથી પણ થતું. કોઈવાર એવા મહાપુરુષની સંનિધિમાં પ્રથમ મુલાકાતે જ ઊંડી શાંતિ મળે છે, તો કોઈવાર નથી પણ મળતી. એ બાબત કોઈ એકસરખો સર્વસામાન્ય નિયમ નથી કરી શકાતો. મારી સમજ પ્રમાણે ગુરુની પસંદગીમાં ઉતાવળ ન કરવી જોઈએ. ગુરુના સંસર્ગમાં અવારનાર આવવું જોઈએ. એમના જીવનનું કે જીવનનાં



જુદાં જુદાં પાસાંઓનું બારીકાઈથી વિવેકપૂર્વક નિરીક્ષણ કરવું જોઈએ. અને પછી જ આપણો અંતરાત્મા જો કબૂલ કરે તો તેમને ગુરુ તરીકે સ્વીકારવા જોઈએ. ગુરુ ને શિષ્યનો સંબંધ સમસ્ત જીવન પર અસર પહોંચાડનારો હોવાથી, તેની સ્થાપના કોઈપણ પ્રકારની લાગણી, ભાવના કે ધૂનથી દોરવાઈ ગયા વિના, પૂરતા વિચારપૂર્વક તથા શાંતિથી કરવી જોઈએ.

પ્રશ્ન : અમુક એક માર્ગમાં શું ગુરુ એક જ થઈ શકે ? વધારે ન થઈ શકે ?

ઉત્તર : મુખ્ય આધ્યાત્મિક ગુરુ તો એક જ હોઈ શકે, અને એક હોય તે જ સારું છે, પરંતુ જેમની પાસેથી જીવનવિકાસની બીજી મદદ મળતી રહે તેવા પેટાગુરુ બીજા કેટલાક હોઈ શકે ખરા.

પ્રશ્ન : ગુરુની આવશ્યકતા ખરી કે નહિ ?

ઉત્તર : તે તમારે નક્કી કરવાનું છે. જ્યાં સુધી તમે અપૂર્ણ છો અને પોતાની મેળે આગળ નથી વધી શકતા, ત્યાં સુધી તમારે કોઈ ને કોઈ પથપ્રદર્શક જોઈશે જ તે જ ગુરુ છે.

પ્રશ્ન : ગુરુને ઈશ્વરરૂપ કહેવામાં આવે છે તે સાચું છે ?

ઉત્તર : તાત્ત્વિક રીતે સાચું છે. કારણ કે ઈશ્વરનો પ્રકાશ ગુરુમાં વિશેષ પ્રમાણમાં પથરાયેલો હોય છે. ગુરુ ઈશ્વરના પ્રતિનિધિ છે. જો ગુરુએ ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો હશે તો તો તે ઈશ્વર સાથે એકરૂપ બની ગયા હશે. અને જો સાક્ષાત્કાર કરવાનો પ્રયાસ કરતા હશે તો પણ, તે બીજા કરતાં ઈશ્વરની વધારે નજીક તો હશે જ. ગુરુને ઈશ્વરરૂપ કહેવામાં આવે છે તે ઈશ્વરદર્શી ગુરુને માટે જ કહેવામાં આવે છે તે ખાસ યાદ રાખવાનું છે - જેવા તેવા ભળતા ગુરુને માટે નહિ.

પ્રશ્ન : ગુરુની પસંદગી કરતી વખતે કયી કયી વાતો ધ્યાનમાં રાખવી જોઈએ ?

ઉત્તર : ગુરુની પસંદગી માટે ઉતાવળ કરવાની જરૂર નથી. ગુરુના જીવનને કે વ્યવહારને શાંતિથી જોવાથી જરૂર છે, જેથી કોઈ

ભળતા માણસના હાથમાં પડીને જીવનને બરબાદ કરી બેસાય. ગુરુના વિચારો તમને ગમે છે કે નહિ તે ખાસ જોજો. તેને સાધનામાં રસ છે કે નહિ, અને તે સાધનાત્મક અનુભવ ધરાવે છે કે નહિ તે પણ જોજો. તેનો સ્વભાવ તમને પસંદ પડે છે કે નહિ તે પણ વિચારજો. તે બને ત્યાં સુધી વ્યસની ન હોય, લૌકિક લિપ્સાથી યુક્ત ન હોય, તેમ જ પરમાત્માના પ્રેમ અથવા આત્મજ્ઞાનથી વંચિત ન હોય તે ખાસ જોજો. વારંવારના પરિચય પછી જો તમને તે તમારે માટે યોગ્ય અથવા આદર્શ લાગે તો તેનો ગુરુરૂપે સ્વીકાર કરજો. અને એક વાર સ્વીકાર કર્યા પછી બધાં જ સંજોગોમાં દૃઢ વિશ્વાસપૂર્વક વળગી રહેજો. તમારું હૃદય જેને એકવાર સમજપૂર્વક માન્ય કરે, તેને ચંચલ બનીને નજીવા કારણોસર છોડી ન દેતા અને નિંદવા પણ ન માંડતા. કદાપિ નહિ.

**—શ્રી યોગેશ્વરજી**

★

## ॥ ગુરુ-શિષ્યા ॥

મારી સ્મૃતિ હજી એવી ને એવી તીવ્ર છે કે નહિ એની ખાતરી કરવા હું ફરી ફરી ભાગવત, મહાભારત, રવીન્દ્રનાથ ઠાકુર, સાવિત્રી, ગીતા વગેરેમાંથી કંઈ કંઈ સ્તોત્રો, કાવ્યોનું સતત રટણ કરતો જ હોઉં છું. એક દિવસ દાદાજીને ઊંડી તંદ્રામાં પડેલા જોઈને મેં પૂછ્યું. ''પ્રહ્‌લાદે ભગવાનને પ્રાર્થના કરેલી એ તમને યાદ છે દાદા ?'' દાદાજીએ સામું પૂછ્યું. 'અસલ સંસ્કૃત કે મારો અંગ્રેજી અનુવાદ ?' 'સંસ્કૃત' એમના ભવ્ય કંઠસ્વરમાં હવે નબળાઈ આવી હતી છતાં જરા પણ થડક્યા વગર એમણે એ આખુંય સ્તોત્ર લલકાર્યું.

ડિસેમ્બરની અધવચ્ચ, ક્ષિતિજ પર ધીરે ધીરે, પણ નિ:સંશય વાદળાં ઘેરાવા માંડ્યા હતાં. દાકતરી તપાસમાં એમની તબિયત સુધરતી જતી લાગતી હતી. પરંતુ મારા ચિત્ત ઉપર એક પ્રકારની નિરાશા અને ઊંડા ભયની લાગણી ઊતરી રહી હતી. ભય એવો અકારણ કે નિરાશ થતાંયે બીક લાગે અને આશાવંત થતાંયે બીક લાગે. હું માત્ર એમના તેજસ્વી મુખ તરફ જોઈ રહેતી. અને પ્રાર્થના કરતી, બસ, પ્રાર્થના કરતી. છઠી જાન્યુઆરી સુધી તો તેઓ મને



ગર્વથી પોતાની શક્તિ કહી બિરદાવતા હતા, પણ હવે હું સાવ નિરાધાર અને નિર્બળ બની ગઈ હતી.

૧૯૪૯ થી ૧૯૮૦નાં જાન્યુઆરીની છઠ્ઠી સુધીમાં એક પણ દિવસ મને મૂકીને દાદાજી ક્યાંય ગયા નથી. કે હું એમનાથી વિખૂટી પડી નથી. તેમાં અપવાદ માત્ર એક જ છે જૂન ૧૯૭૯માં હું અઢાર દિવસ હૉસ્પિટલમાં રહીએ. બાકી તો કદી પણ હું એક સાથે કલાક બે કલાકથી વધારે દૂર રહી નથી. (૩૧ વર્ષ સુધી ગુરુનું સતત સાન્નિધ્ય ગુરુ થી એક કે બે કલાકથી ક્યારેય વધારે દૂર નહીં) ગુરુ-શિષ્યાનું કેવું અદ્‌ભુત સાન્નિધ્ય ! પાંચમીએ કંઈક એવું બન્યું કે મેં દાદાને કહ્યું, 'જાઓ, દાદા મને છોડીને નહિ જવાના તમારા વચનમાંથી 'હું તમને મુક્ત' કરું છું. તમારા સુખધામમાં જાઓ. તમારા ગુરુની પાસે જાઓ, તમારા ઠાકુર શ્રી રામકૃષ્ણ અને તમારા પ્રભુની પાસે જાઓ.'

મને આ શબ્દો બોલતી જોઈ બધા આઘાત પામી સ્તબ્ધ થઈ ગયાં. છઠ્ઠી જાન્યુઆરી ૧૯૮૦. દાદાજીએ સવારમાં કહ્યું, 'મારે ઠાકુરને ચરણસ્પર્શ કરવો છે, મારા હાથ ધુઓ.' સાબુ અને પાણી વડે એમના હાથ ધોવામાં આવ્યા.

બપોરે બાર વાગે મેં પૂછ્યું, દાદા સાજા, થવા માટે તમારું સંકલ્પબળ વાપરવાનું તમને મન નથી ? એકત્રીસ વર્ષમાં પહેલી વાર, દાદાજીએ મારા પ્રશ્નનો જવાબ ન આપ્યો. માત્ર સ્મિત કર્યું અને ખૂબ પ્રેમથી મને આશીર્વાદ આપ્યા. તેઓ એટલા બધા નબળા થઈ ગયા હતા કે પાણી પણ એમના ગળે ઊતરતું નહોતું છતાં અમે એમને બેઠા કરવાને કહ્યું. તેની એમણે ના પાડી નહિ અને સામેથી નર્સને 'થેન્ક યુ' કહ્યું. અને બીજા બધાં તરફ જોઇ સ્મિત કર્યું.

બપોરે અઢી વાગે દાક્તરોએ એમને તપાસ્યા અને જાહેર કર્યું કે 'બહુ ખરાબ' નથી. કાડિયોગ્રામ બરાબર હતો. દાદાજીના છેલ્લા શબ્દો હતા. ''જય ગુરુ, જય હરિ.''

પછી એક અજબ ચમત્કાર થયો. બપોરના ૩.૪૦ વાગે હરિકૃષ્ણ મંદિર માથે સૂરજ આથમ્યો.

**—મૂળ લેખિકા : શ્રી ઈન્દિરાદેવી**

**(સંકલન : શ્રી કનૈયાલાલ ઝિંઝુવાડિયા)**

## ॥ 'જીવનમંચે આપ પધાર્યાં' ॥

જીવનમંચે આપ પધાર્યા
સદ્‌ગુરુરૂપે આવી બિરાજ્યા
માત બની અમૃત વરસાવતા
છત્ર ધરી પિતૃરૂપ દીપાવતા
સ્વજન સ્વરૂપે હૂંફ નવી ધરતા
ચહુદિશ રક્ષાકવચ પહેરાવ્યાં
જીવનપંથે પુષ્પ પથરાવ્યાં.
અનુકૂળતાના થાળ ધરાવ્યા.
જ્યાં ત્યાં આનંદબાગ સજાવ્યા,
જીવન જાણે ધન્ય બનાવ્યાં.
ક્ષણક્ષણ ગુરુહરિ અઢળક ઢળિયા
વર્ણન કરતાં સૌ કોઈ થાક્યાં
પરમસખા સર્વસ્વ બનીયા
સર્વેશ્વરીને પાર ઉતાર્યાં

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

**(રાગ : દર્શન દે ઘનશ્યામ)**

★

**॥ પદસમીક્ષા ॥**

વિશ્વભરના દાર્શનિકો કહે છે : 'જીવન એક મંચ છે.' પૂ.શ્રી'મા' પણ આ સત્ય સ્વીકારી, સ્વાનુભૂતિ સાથે એકરસ કરી, અને સહજ, સરળ આત્મનિવેદનનું રૂપ ધરી; કહે છે : 'જીવન મંચ છે પરંતુ આપે એના પર પધારી, એને ગૌરવાન્વિત કર્યો છે. મહિમા મંચનો નહિ, એ મંચ પર બિરાજમાન સદ્‌ગુરુનો છે. માહાત્મ્ય સદ્‌ગુરુનું, ગૌણત્વ જીવનમંચનું. આ વિચાર 'જીવનમંચે આપ પધાર્યાં' પદના કેન્દ્રમાં છે.'



પોતાની પધરામણીથી જ કૃતાર્થ કરી સદ્‌ગુરુ વિરમ્યા નથી. તેઓશ્રી માતા બની અમૃત વરસાવે છે. છત્ર ધરી પિતાનું રૂપ દીપાવે છે. સ્વજનરૂપે અદકેરી હૂંફ ધરે છે. ચોતરફ રક્ષાકવચો પહેરાવ્યાં છે, જેથી કોઈ દિશામાંથી કોઈ આઘાત-આંચકો-વિઘ્ન ન આવે !

જીવનપંથે પુષ્પો પાથરી, અનુકૂળતાના થાળ ધરી, સર્વત્ર, ચોગરદમ આનંદબાગ સજાવ્યા છે. જીવન જાણે ધન્ય બનાવ્યાં. (એક જીવન જ નહિ, જન્મોજન્મ એમની કૃપા વિસ્તરી છે, પ્રસરી છે એ સૂચવતા 'બનાવ્યાં' બહુવચન પ્રયોજ્યું છે.)

પ્રતિક્ષણ સદ્‌ગુરુ શ્રીહરિરૂપે વધારે ને વધારે કૃપા કરી રહે છે. એને નથી કોઈ ઓર નથી કોઈ છોર ! અતીતની જેમ સાંપ્રતમાં છે, સતત છે, અનવરત છે. આવી 'ક્ષણ ક્ષણ વાધિ' એવી સદ્‌ગુરુની પ્રીતિ અવર્ણનીય છે, વર્ણવવા જનારને થકવી દે એવી અપરંપાર છે.

આમ, સદ્‌ગુરુ-હરિ સાથે એકરૂપ થઈ, પોતાના પરમ સખા સ્વરૂપે પોતાનું સર્વસ્વ બની જઈ, પોતાને પાર ઉતારીને જ રહ્યા.

અર્થાત્ પોતાના જીવનમંચ પરની પોતાને પ્રાપ્ત નાનકડી ભૂમિકા-પછી તે શિષ્યની હોય કે ભક્તની પણ શ્રી સદ્‌ગુરુએ સ્વયં પધારી, એને સાર્થક કરી દીધી. એક મહિમાવંત વિભૂતિએ 'મા'નો મહિમા પણ એવો વધારી દીધો કે, એની ફળશ્રુતિરૂપે 'મા' પણ પાર ઊતરી શક્યાં - ઊતરી ગયાં.

'અસ્તિત્વની સાર્થકતા પરમ સદ્‌ગુરુના ચરમ અનુગ્રહની દેન છે.' એ સૂચવતું પૂ.શ્રી'મા'નું આ 'જીવનમંચે આપ પધાર્યાં' પદ. સદ્‌ગુરુસંનિધિથી કૃતાર્થ શિષ્યહૃદયનો સહજ-સરળ ઉદ્‌ગાર તો છે જ. પરંતુ સાથે સાથે આપણી સર્વ સીમિતતાઓને અસીમતામાં રૂપાંતરિત કરી જંપનારા શુભ-સર્વમંગલકારી અ-મૃત તત્ત્વની ઓળખાણ છે. જે કોઈપણ કાવ્યનો સહજ ધર્મ છે. એ પૂ.શ્રી'મા'એ અતિ વિનમ્રતાથી સિદ્ધ કરી; અનુપમ કલાત્મકતા દર્શાવી છે.